જાન્યુઆરી ૨૦૨૧

# દાદાવાણી

છૂટક નકલના ₹ ૧૫



આ શરીરમાં લોહચુંબક નામનો ગુણ છે. કારણ કે મહીં ઈલેક્ટ્રિક બૉડી છે.
એટલે એ બૉડીના આધારે ઈલેક્ટ્રિસિટી બધી થયેલી છે.
પોતાના પરમાણુ મળતા આવે ત્યાં આકર્ષણ ને વિકર્ષણ ઊભા થાય.
તે કહેશે, 'મારો દેહ ખેંચાય છે.' અલ્યા, તારી ઈચ્છા નથી તો દેહ કેમ ખેંચાય છે ?
માટે 'તું કોણ છે' ત્યાં આગળ શોધી કાઢ.



## અડાલજ : દાદા ભગવાનના તારીખ પ્રમાણેના જન્મદિવસની GNC દ્વારા ઉજવણી : તા. ૭ નવેમ્બર ૨૦૨૦




## અડાલજ : દિવાળી-નૂતન વર્ષની ઉજવણી : તા. ૧૪ નવેમ્બર ૨૦૨૦



વર્ષ : ૨૬, અંક : ૫
સળંગ અંક : ૩૦૫
**જાન્યુઆરી ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સમજીએ 'આકર્ષણ દોષ' તો ચેતાય

### સંપાદકીય

સર્વ સંયોગોથી અપ્રતિબદ્ધપણે વિચરતા, મહામુક્તદશામાં રાચતા જ્ઞાની પુરુષે કેવું જબરદસ્ત વિજ્ઞાન નિહાળ્યું ! વિષયથી મુક્તિ કાજે કરવાપણાની સર્વ ભ્રાંતિ તોડી જ્ઞાની પુરુષે પોતે પુદ્ગલ અને આત્માને જેમ છે તેમ જોયા, જાણ્યા છે ને અનુભવ્યા છે. એ વૈજ્ઞાનિક 'અક્રમ માર્ગ'નું 'સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય' સંબંધીનું અદ્ભુત રહસ્ય આપણને આ પંચમકાળે જ્યાં મન-વચન-કાયાની એકતા નથી ત્યાં પ્રાપ્ત થયું એ મોટી અજાયબી છે !

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે કે 'વિષયો એ વિષ નથી પણ વિષયોમાં નીડરતા એ વિષ છે.' અક્રમ વિજ્ઞાન બધી રીતે નિર્ભય કરનારું છે. પણ વિષયમાં નિર્ભય નથી થવાનું, ત્યાં જાગૃત રહેવાનું છે. પ્રસ્તુત અંકમાં વિષય સંબંધીના વિવિધ દોષોમાંના એક 'આકર્ષણ દોષ'ની છણાવટ થઈ છે. પોતાની ઈચ્છા નથી છતાં ખેંચાણ કેમ થાય છે ? આંખ કેમ ખેંચાય ? દૃષ્ટિ કેમ બગડે છે ? આ દેહ ખેંચે છે કોણ ? આકર્ષણ શું છે ? વિકર્ષણ શું ? આકર્ષણ-વિકર્ષણ થવાનું કારણ શું ? આકર્ષણ થવાના જોખમો તેમજ તેમાંથી નીકળવાની જ્ઞાનચાવીઓ સૈદ્ધાંતિક સમજ રૂપે દાદાશ્રીએ અત્રે આપી છે.

'અક્રમ વિજ્ઞાન' સ્ત્રી-પુરુષના આકર્ષણને શું કહે છે ? જેમ લોહચુંબક લોખંડને આકર્ષે જ, એવો પરમાણુઓનો સ્વભાવ છે ! તેમ સ્ત્રી-પુરુષના પરમાણુઓ એકબીજાને આકર્ષે. 'પોતે નહીં ખેંચાવાનું' નક્કી કર્યું હોય છતાંય ખેંચાય, તો એ શું સૂચવે છે કે આમાં હવે 'પોતાનું' ચલણ નથી, કોઈ પરસત્તા-મેગ્નેટિક ફોર્સ ખેંચી રહ્યો છે. પૂર્વના 'ચાર્જ' થયેલા પરમાણુઓને કારણે સ્ત્રી ને પુરુષ સામસામા 'ફિલ્ડ'માં આવે ત્યારે પરમાણુઓ ખેંચાય. ત્યારે પોતે માને છે, કે 'હું ખેંચાયો. મને હજી આકર્ષણ રહ્યા કરે છે.' આમાં ખરેખર પરમાણુઓ ખેંચાય છે. તેમાં જો 'પોતે' તન્મયાકાર ના થાય, તો પરમાણુઓ 'ઈફેક્ટ' આપી સહજ સ્વભાવે 'ડિસ્ચાર્જ' થઈ જાય છે. પણ વિજ્ઞાનની આવી વાસ્તવિકતા નહીં સમજાવાથી 'પોતાને' માન્યતાની આંટી રહ્યા કરે છે; તેમજ મીઠાશની લાલચથી પોતે ઈફેક્ટમાં ભળ્યા વિના રહેતો નથી. પરિણામે નવું 'ચાર્જ' કરે છે. તેમાંય જો 'આત્મજ્ઞાન'ની જાગૃતિ હોય, તે તુર્ત જ પ્રતિક્રમણ કરી પાછો આત્મભાવમાં આવી જાય તો પરમાણુઓની અસરોથી છૂટે છે.

જ્ઞાની પુરુષની વિજ્ઞાનમય વાણીથી આકર્ષણના ઓવારેથી ડૂબ્યા વિણ બહાર નીકળી જવાની જાગૃતિ આપતા સિદ્ધાંતો કે જે વિષયની ગાંઠ સામે ચોક્કસ કાયમી ઉકેલ લાવે છે. બ્રહ્મચર્યની 'સેફસાઈડ' માટે આંતરિક તેમજ બાહ્ય 'એવિડન્સ'ને જ્ઞાને કરીને પુરુષાર્થથી ઓગાળી 'આકર્ષણ દોષ'થી મુક્ત થઈ વિષયથી નિર્ગ્રંથ થવાનો પુરુષાર્થ આદરીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સમજીએ 'આકર્ષણ દોષ' તો ચેતાય

## ચોંટે ચિત્ત બહાર જતાં...

**પ્રશ્નકર્તા :** અહીં ઘેર બેઠા હોઈએ તો ચિત્ત આઘુંપાછું થતું નથી, પણ રસ્તા પર સહેજ નીકળ્યા તો સ્ત્રી વગર રસ્તા હોતા નથી અને આ બાજુ વિષયની ગાંઠ ફૂટ્યા વગર રહેતી નથી.

**દાદાશ્રી :** અને તમારે બહાર ફર્યા વગર ચાલે એવું નથી ! બહાર કંઈક લેવા જવું પડે, નોકરી-ધંધે જવું પડે અને વિષય ઊભો થયા વગર રહે નહીં. એટલે તેના પ્રતિક્રમણ કર્યા વગર ચાલે નહીં. પ્રતિક્રમણ કરીએ તો ઉકેલ આવે, નહીં તો પેલું આકર્ષણ ઊભું રહેલું તો ચોંટ્યું જ પછી. બહાર જવું-આવવું પડે, તે ચાલે એવું નથી. જગતમાં ઘેર બેસી રહે તો ચાલે નહીં. 'વ્યવસ્થિત' પ્રમાણે જવું પડે અને પેલા ચોંટ્યા વગર ના રહે. જાગૃતિ તો હોય, તોય ગયા અવતારના બધા મેળ છે ને, તે આકર્ષણ થાય ને પાછું ભાંજગડ થયા વગર રહે નહીં. ભટકવાના માર્ગ ચિત્તને આકર્ષિત કરાવે તેવા છે.

વસ્તુસ્થિતિમાં વિષયની ગાંઠ જે છે, એ ટાંકણીને જેમ લોહચુંબક આકર્ષે એવું આમાં આકર્ષણ ઊભું થાય છે.

## 'આકર્ષણ' એ અજ્ઞાનતાનો દોષ

આ આંખનો સ્વભાવ છે ખેંચાઈ જવું. એવી રૂપાળી મૂર્તિ દેખે ને, તો આંખને આકર્ષણ થાય. આ આકર્ષણ શી રીતે થયું ? ત્યારે કહે કે પૂર્વભવનો હિસાબ છે. આપણે આકર્ષણ ના કરવું હોય તોય થયા કરે. આકર્ષણ એ ડિસ્ચાર્જ થતી વસ્તુ છે. એટલે જ્યાં આકર્ષણ થાય ત્યાં આગળ આપણે જ્ઞાન હાજર કરવું કે દાદાજીએ કહ્યું છે કે ચામડી છોલે તો શું નીકળે ? એટલે વૈરાગ આવે ને પછી મન તૂટી જાય, નહીં તો આકર્ષણ જોડે મન એડજસ્ટ થયું તો ખલાસ કરી નાખે. પછી લફરાં જ વળગી જાય. લફરાં વળગે એટલે પછી છૂટે નહીં. સાત-સાત અવતાર સુધી ના છૂટે, એવું વેર બાંધે. પણ આપણે તો મોક્ષે જવું છે. મોક્ષે જવાવાળાને આવા લફરાવાળો વેપાર પોષાય જ નહીં. જે માલ આપણને જોઈતો નથી, જેમ બધી હલવાઈવાળાની દુકાનો હોય પણ આપણને કશું લેવું ના હોય, તો આપણે એને જો જો કરીએ છીએ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એવી રીતે સ્ત્રીએ પુરુષોને જોવા ના જોઈએ અને પુરુષે સ્ત્રીઓને જોવી ના જોઈએ. કારણ કે એ આપણા કામની નથી. દાદાજી કહેતા હતા કે આ જ કચરો છે, પછી એમાં શું જોવાનું રહ્યું ?

એક ફેરો એક મોટા સંત અગાસીમાં બેઠા બેઠા પુસ્તક વાંચતા હતા. કોઈ સામા મકાનની બારીમાં એક બહેન ઊભી હશે, તે એમણે એને જોઈ. એટલે એમની આંખ ખેંચાઈ અને એ તો વિચારશીલ માણસ, એટલે મનમાં થયું કે 'આ કેમ થાય છે ? આમ ના થવું જોઈએ.' પછી પાછું વાંચવા માંડ્યું, પણ પાછી આંખ ખેંચાઈ. એટલે એમને થયું કે 'આ તો બહુ ખોટું કહેવાય.' એટલે તરત ત્યાંથી ઊઠીને રસોડામાં ગયા અને રસોડામાં જઈને લાલ મરચું વાટેલું હતું તે આંખમાં નાખ્યું. આ એમણે સારું કર્યું ? એ આંખનો દોષ છે ? કોનો દોષ છે ?

**પ્રશ્નકર્તા :** મનનો દોષ છે.

**દાદાશ્રી :** ના, અજ્ઞાનતાનો દોષ છે. અજ્ઞાન છે તેથી ને ! હવે આંખમાં મરચું નાખ્યું તેવું એમના કોઈ શિષ્યો શીખ્યા નહીં. શિષ્યો જાણતા હતા કે ગુરુ મહારાજ ઈમોશનલ (ભાવુક) થઈ

ગયા હશે ને મરચું નાખ્યું હશે, આપણે ના નંખાય, બાપ ! આંખમાં મરચું નાખ્યે ફાયદો શો થાય ? એના કરતાં મારી વાત યાદ રહી હોય તો મોહ જ ઉત્પન્ન ના થાય ને ! અને ખરેખર એમ જ છે. આ કંઈ ગપ્પું છે ?

### ખેંચાણથી નિદિધ્યાસનની ફસામણ

**પ્રશ્નકર્તા :** આંખ ખેંચાય પણ વિકારી ભાવ ના હોય તો ?

**દાદાશ્રી :** તો વાંધો નહીં. વિકારી ભાવ આપણામાં ના હોય, પણ સામાનામાં હોય ત્યારે શું થાય ? માટે ખેંચાણમાં ફસાવું નહીં. આંખ ખેંચાય ત્યાંથી છેટા રહેવું. બીજે બધે જ્યાં સીધી આંખો હોય ત્યાં બધો વહેવાર કરવો. આંખ ખેંચાય ત્યાં જોખમ છે, લાલ વાવટો છે ! આપણામાં વિકારી ભાવ ના હોય, પણ પેલા સામાનું શું થાય ? બધે ખેંચાણ નથી થતું ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એટલે ખેંચાણના કાયદા છે કે અમુક જગ્યાએ જ ખેંચાણ હોય, કંઈ બધે ખેંચાણ ના હોય. હવે આ ખેંચાણ શી રીતે થાય છે, તે તમને કહીં દઉં.

આ ભવમાં ખેંચાણ ના થતું હોય, છતાં કોઈ ભઈને દેખ્યો, તે આપણા મનમાં એવું થાય કે 'ઓહોહો ! આ ભઈ કેટલો રૂપાળો છે, દેખાવડો છે !' એવું આપણને થયું કે તેની સાથે જ આવતા ભવની ગાંઠ પડી ગઈ. એનાથી આવતા ભવે ખેંચાણ થાય. શેનું રૂપ ? આ છોલે તો શું નીકળે ? રૂપ કોનું નામ કહેવાય કે છોલે તોય ખરાબ ના નીકળે. આ રૂપ તો જોવા જેવું નથી. આ હીરાનું રૂપ બરોબર છે. એને છોલીએ તો કશુંય ના થાય, એમાં ગંદવાડો નહીં ને ! સોનાનું, ચાંદીનું રૂપ બરોબર છે. આ મનુષ્યના તો ગુણો હોય છે, પણ તે કેવા ગુણો હોય ? સંસારી ગુણો. સંસારી ગુણો વખાણવા જાય પછી આકર્ષણ થાય.

કોઈની જોડે આપણે ફ્રેન્ડશિપ (મિત્રાચારી) પણ ના કરીએ, બહુ ઘાલ મેલ ના રાખીએ. આ તો એક ફેરો લફરું વળગ્યા પછી છૂટું ના થાય.

'જેનું નિદિધ્યાસન કરે, તેવો આત્મા થાય.
જે જે અવસ્થા સ્થિત થયે, વ્યવસ્થિત ચિતરાય.'

નિદિધ્યાસન એટલે કે 'આ બહેન દેખાવડી છે કે આ ભાઈ દેખાવડો છે' એવો વિચાર કર્યો, એ નિદિધ્યાસન થયું એટલી વાર. વિચાર કર્યો કે તરત જ નિદિધ્યાસન થાય. પછી એવો પોતે થઈ જાય. એટલે આપણે જોઈએ તો આ ડખો થાય ને ? એના કરતાં આંખ નીચે ઢાળી દેવી જોઈએ, આંખ માંડવી જ ના જોઈએ. આખુંય જગત ફસામણ છે. ફસાયા પછી તો છુટકારો જ નથી. આખી જિંદગીઓની જિંદગી ખલાસ થાય, પણ એનો 'એન્ડ' (અંત) જ નથી !

### મૂળ 'રૂટ કોઝ'ને ખોળી કાઢ

ભગવાને કહેલું કે એક ભૂલ ના કરશો. કોનો વાંક છે ત્યાં ડામ દેજો ! પાડાનો વાંક અને પખાલીનો વાંક બન્નેનો વાંક જોજો અને પછી ડામ દેજો ! પણ આ જગતના લોકો તો પાડાના વાંકે પખાલીને ડામ દે છે ! 'આ ગુનો કોનો છે' એવી તપાસ તો કરવી જ જોઈએ ને ? આમ તો કહે છે કે 'મારે બ્રહ્મચર્ય પાળવું છે' ને પછી કહે છે કે 'મારે નથી ઈચ્છા છતાં દેહ આમ ખેંચાય છે.' તો તેં ઉપાય શો કર્યો ? તો કહેશે, 'દેહમાં ખાવાનું ઓછું નાખ્યું છે !' અલ્યા, પાડાને વાંકે પખાલીને ડામ શું કામ આપું છું ? પણ આ વાત એને શી રીતે સમજાય ? વિચાર કર ને કે મારી ઈચ્છા નથી, તો આ દેહ ખેંચે છે કોણ ? આ દેહ તો ટાંકણી જેવો છે. જો લોહચુંબક સામું ધરશો તો

તો ટાંકણી હાલ્યા કરશે ! આ દેહમાં 'ઈલેક્ટ્રિકલ બૉડી' છે. તે સરખે સરખા પરમાણુ મળી આવે તો 'બૉડી' (દેહ) ખેંચાય. પણ આ તો કહેશે, 'કાલથી હવે દેહને ખાવાનું નથી આપવું, આ દેહને હવે ભૂખ્યો રાખીશ !' અલ્યા, ભૂલ ખોળી કાઢ ને ! આ તો પૂરણ-ગલન છે. તે પૂરણ કર્યું છે, તો ગલન થશે જ. માટે મૂળ 'રૂટ કૉઝ' ખોળી કાઢ. પણ 'રૂટ કૉઝ' પોતાને પોતાની મેળે શી રીતે જડે ? એ તો જ્ઞાની પુરુષ જણાવી શકે. માટે જ્ઞાનીને ખોળ ! ને જ્ઞાની તો કો'ક ફેરો હોય ! એ તો અતિ અતિ દુર્લભ છે !

## ચિત્ત ચોંટે ત્યાં બીજ પડે

કોઈક સ્ત્રી શાકભાજી લેવા બહાર નીકળે, તે કોઈક પુરુષને દેખીને એનું ચિત્ત ત્યાં ચોંટે. આ ચિત્ત ચોંટવાથી બીજ પડે. તે આવતા-જતા આવા પચ્ચીસ-પચાસ પુરુષ જોડે બીજ પડે. આમ રોજ બને, તે પાર વગરના પુરુષો જોડે બીજ પડે ! એવું પુરુષને સ્ત્રીઓ સામે થાય. હવે જો જ્ઞાન હાજર હોય તો બીજ પડવાનું અટકી જાય, છતાં પ્રતિક્રમણ કરે તો જ ઉકેલ આવે. આ બીજ તો મિશ્રચેતન જોડે પડે. મિશ્રચેતન પછી દાવો માંડે. મિશ્રચેતન તો કેવું હોય કે બન્નેની મરજીના ડિફરન્સ (તફાવત), બન્નેના સંચાલન જુદા. ત્યાં પોતાની ઈચ્છા ના હોય તોય સામાને સુખ ભોગવવા જોઈએ, તો શું થાય ? એમાંથી પછી રાગ-દ્વેષના કારખાના થાય. આપણી પાસે તો જ્ઞાન છે, તો શુદ્ધાત્મા જોઈને ચોંટ ધોઈ નાખવાની. નહીં તો આ ચિત્ત ચોંટે તો, એનું ફળ બે-પાંચ હજાર વર્ષેય આવે !

સ્ત્રી-પુરુષોમાં આ કળિયુગના આધારે સામસામી અસર થાય છે. બંનેને સંતોષ હોય તોય બહાર કંઈક જુએ છે, તો દૃષ્ટિ મંડાઈ જાય છે. એ મોટામાં મોટું ભય સિગ્નલ છે. આ દૃષ્ટિમાં મીઠાશ વર્તે તેય બહુ મોટું જોખમ. તમે માની હો, તો તમને કોઈ સ્ત્રી માન આપે તો તમારી દૃષ્ટિ ખેંચાઈ જાય. લોભી હોય તો તેને લોભ આપે તોય દૃષ્ટિ ખેંચાઈ જાય. પછી બધું જીવન ખેદાનમેદાન કરી નાખે !

એટલે ચેતવાનું શું કે સ્ત્રીએ પુરુષથી ને પુરુષે સ્ત્રીથી, બિલકુલ લપ્પન-છપ્પન નહીં રાખવી જોઈએ, નહીં તો એ ભયંકર રોગ છે ! એ વિચારથી જ માણસને બેભાનપણું રહે છે, તો પછી આત્માની જાગૃતિ ક્યારે થાય ? એટલે આટલું ચેતવાનું છે ! આમાં શું અઘરું છે કશું ?

**પ્રશ્નકર્તા :** ત્યાં સાવચેત રહેવું જોઈએ.

**દાદાશ્રી :** એટલેથી જ છેટું રહેવા જેવું છે. બીજી બધી બાબતો અમે છોડી દેવડાવીએ, રસ્તો કરીએ પણ અહીં તો ચેતન મિશ્રિત થયું ને ? એટલે સ્ત્રી-પુરુષોએ બન્નેએ ચેતવા જેવું, ભયંકર જોખમ છે ! હંમેશાં નીચું જ જોવું, બીજો કોઈ બાધ આપણા માર્ગમાં નથી.

'વેરાઈટિઝ ઓફ પેકિંગ્સ' (વિભિન્ન પ્રકારના ખોખાં) છે ! આનો પાર આવે એવો નથી, પણ એટલી બધી જાગૃતિય રહેતી નથી. એટલે નક્કી જ કરવું કે જે થવાનું હોય તે થાય, પણ દૃષ્ટિ માંડવી જ નથી. નહીં તો બીજ તો બહુ મોટા પડી જાય, તે આવતો ભવ ખલાસ કરી નાખે ! પેલી જ્યાં જાય ત્યાં આને જવું પડે અને પછી ખલાસ થઈ જાય !

## અણસમજણના આકર્ષણ સામે પૃથક્કરણ

**પ્રશ્નકર્તા :** અમુક એક જ જગ્યાએ ચિત્ત વધુ ખેંચાય છે.

**દાદાશ્રી :** એ જગ્યા ખોદી નાખવી, ખોદીને કાઢી નાખવી. એ જગ્યા ક્યાં છે ?

**પ્રશ્નકર્તા :** એક જગ્યા એટલે અમુક અવયવો તરફ જ વધુ દૃષ્ટિ જાય.

**દાદાશ્રી :** જેને બહુ જતું રહેતું હોય તેણે પૈણવું. બધે દૃષ્ટિ બગાડવા કરતાં એક કૂવામાં પડવું સારું. પછી પચાસ વર્ષે કોઈ નહીં મળે.

ચોરી કરવાની ગમે છે ? જૂઠું બોલવાનું, મરવાનું ગમે ? ત્યારે પરિગ્રહ ગમે ? તો બસ વિષયમાં એવું મહીં શું પડ્યું છે કે ગમે છે ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ ગમતું જ નથી, તોય આકર્ષણ થઈ જાય છે. એનો બહુ ખેદ રહ્યા કરે છે.

**દાદાશ્રી :** એ ખેદ રહે તો પેલું જાય. એક આત્મા જ જોઈએ, તો પછી વિષય શેનો થાય ? બીજું જોઈએ તો વિષય થાય ને ? વિષયનું તને પૃથક્કરણ કરતાં આવડે છે ?

**પ્રશ્નકર્તા :** આપ જણાવો.

**દાદાશ્રી :** પૃથક્કરણ એટલે શું કે વિષય એ આંખે ગમે એવા હોય છે ? કાને સાંભળે તો ગમે ? અને જીભથી ચાટે તો મીઠું લાગે ? એકુંય ઈન્દ્રિયને ગમતું નથી. આ નાકને તો ખરેખરું ગમે ને ? અરે, બહુ સુગંધ આવે ને ? અત્તર ચોપડેલું હોય ને ? એટલે આવું પૃથક્કરણ કરે, ત્યારે ખબર પડે. આખું નર્ક જ ત્યાં પડ્યું છે, પણ આવું પૃથક્કરણ નહીં હોવાથી લોક મૂંઝાયું છે. ત્યાં જ મોહ થાય છે, એય અજાયબી જ છે ને !

**પ્રશ્નકર્તા :** તો એ આકર્ષણ શેનું રહે છે ?

**દાદાશ્રી :** અણસમજણનું. જેમ આ અણસમજણથી તાર જોઈન્ટ રહી ગયો હોય તો તેનું આકર્ષણ થયા કરે. પણ હવે સમજણ આવી કે આ તો આવું છે. પહેલાં તો આપણે સાચું જાણતા નહોતા ને આવું પૃથક્કરણ કરેલું જ નહીં ને ! લોકોએ માન્યું તેવું આપણે સાચું માન્યું કે આ જ ખરો રસ્તો છે, પણ હવે જાણ્યું ત્યારથી આપણે સમજી ગયા કે આ આમાં તો પોલું ખાતું છે. એમાં તો ઓહોહોહો... એટલા બધા જોખમ છે કે એના લીધે તો આખો સંસાર ઊભો રહ્યો છે અને આખો દહાડો માર પણ એને લીધે જ પડે છે. એમાંય જો ઈન્દ્રિયોને ગમે એવું હોય તો ઠીક, પણ આ તો એકુંય ઈન્દ્રિયને ગમતું જ નથી.

## આકર્ષણના રૂટ કૉઝમાં બેઠી રોંગ બિલીફો

**પ્રશ્નકર્તા :** સ્ત્રીના અંગ તરફ આકર્ષણ થવાનું કારણ શું હોય ?

**દાદાશ્રી :** માન્યતા આપણી, રોંગ બિલીફો તેથી. ગાયના અંગ તરફ કેમ આકર્ષણ નથી થતું ? માન્યતાઓ ખાલી, કશું હોતું નથી. ખાલી બિલીફો છે. બિલીફો તોડી નાખો એટલે કશુંય નહીં.

**પ્રશ્નકર્તા :** એ માન્યતા ઊભી થાય છે, તે સંયોગ ભેગો થવાથી થાય છે ?

**દાદાશ્રી :** લોકોના કહેવાથી આપણને થાય. આપણા (સ્વીકારવાથી) કહેવાથી (આપણી) માન્યતા (દૃઢ) થાય. અને (પોતાના) આત્માની હાજરીથી માન્યતા થાય એટલે દૃઢ થઈ જાય. અને એમાં એવું શું છે ? માંસના લોચા છે !

**પ્રશ્નકર્તા :** એકવાર હું સ્તનનું ઓપરેશન જોવા ગયો હતો. પહેલા જોયા તો એટલા સુંદર દેખાતા હતા પણ ઓપરેશન કરવા માટે ચીર્યું તો પછી કંપારી આવી ગઈ.

**દાદાશ્રી :** સુંદરતા કશી હોતી જ નથી, માંસના લોચા જ છે. આ બધી રોંગ બિલીફો છે. જગતને ખબર જ નથી કે આ શું છે તે ! બિલીફો જ રોંગ છે.

**પ્રશ્નકર્તા :** આ રોંગ બિલીફ કેવી રીતે ઉડાડવી ?

**દાદાશ્રી :** સો વખત રોંગ બિલીફને સાચી માની હોય તો સો વખત, આઠસો વખત કર્યું હોય

તો આઠસો વખત ને દસ વખત કર્યું હોય તો દસ વખત એને ભાંગવી પડે.

**પ્રશ્નકર્તા :** અંદરથી જે બૂમ પાડે કે 'જોઈ લો, જોઈ લો.' એ કોણ છે ?

**દાદાશ્રી :** એ તો રોંગ બિલીફવાળું મન જ કહે. પછી પ્રાપ્ત થયેલું જ્ઞાન, તે વખતે આવીને રોકે કે આમ ના થવું જોઈએ. મિત્રાચારીમાં ફરીએ ને પેલા કહેશે, ઓહોહો ! કેવા છે, કેવા છે ! તો આપણેય મહીં કહીએ કે કેવા છે ! એમ કરતાં કરતાં સ્ત્રી ભોગવાઈ ગઈ. એટલે સ્ત્રીઓની સામે દૃષ્ટિ માંડવી નહીં, સ્ત્રીઓને જોવી નહીં, અડવુંય નહીં. કારણ કે સ્પર્શથી વિષયની બધી અસરો થાય છે.

## જ્યાં આકર્ષણ ત્યાં મોહ

**પ્રશ્નકર્તા :** કોઈ સ્ત્રી બાજુમાં બેઠી હોય અને આમ વધારે પડતું કંઈ થાય તો ડર લાગે. તમે કંઈ ખોટું કરો છો, એવું રીતસરનું અંદરથી લાગે. પણ તે છતાં હજુ ખેંચાઈ જાય છે.

**દાદાશ્રી :** એ તો કર્મના ઉદય તમને ખેંચે છે ને ! તે તમારે હજુ જોવું પડે કે કર્મના ઉદય અહીં ખેંચે છે. બધા ઉપર ના ખેંચે. ચાર બેઠેલી હોય, તે એકની ઉપર ખેંચાય ને બીજી બધી પર ના ખેંચાય. એટલે હિસાબ છે, પહેલાંનો, પાછલો.

**પ્રશ્નકર્તા :** ઓફિસમાં કામ કરતાં હોઈએ ને, તો પેલી વ્યક્તિ જાય ત્યારે જ આપણી નજર ઊંચી થાય.

**દાદાશ્રી :** હા, એટલે ત્યાં હિસાબ છે. માટે ત્યાં આગળ પ્રતિક્રમણ કર કર કર્યા કરવું.

કોઈ પણ ચીજ પર આકર્ષણ છે જ્યાં સુધી દૃષ્ટિમાં, ત્યાં સુધી એને મોહ છે. પેલો મોહ ગયો. દર્શનમોહ ગયો, ચારિત્રમોહ રહ્યો. એ તો કંઈક એ જોવાથી જ જો ફેરફાર થઈ જતો હોય તો ભીંતને જોઈને કેમ નથી થતો ? વચ્ચે કોઈ જાનવર છે કે જે આમ ફેરફાર કરાવડાવે છે. કયું જાનવર ? મોહ નામનું !

**પ્રશ્નકર્તા :** એ તો જેટલી પોતાની જાગૃતિ હોય ત્યારે ખ્યાલ આવે કે અંદર કંઈક ફેરફાર થયો છે, નહીં તો કેટલું બધું થઈ જાય ત્યાં સુધી ખ્યાલ પણ ના આવે કે આ ફેરફાર થયો છે. એની ખબર જ ના પડે.

**દાદાશ્રી :** ભાન જ નથી, એને ખ્યાલનું ક્યાં રહ્યું ? આ શું થઈ રહ્યું છે, તેય ભાન નથી. આકર્ષણ-મોહ ના હોવો જોઈએ, પછી બીજા ગુનાઓને માફ કરીએ.

## રૂપાળા ભોગવાય વધુ

**પ્રશ્નકર્તા :** મોહ કોને વધારે થાય, રૂપાળી ચામડીવાળાને કે કાળી ચામડીવાળાને ?

**દાદાશ્રી :** રૂપાળી ચામડીવાળાને. જેની રૂપાળી ચામડી હોય તો જાણવું કે લોકોના હાથે એ વધારે ભોગવાઈ જશે.

રૂપાળી ચામડીવાળા તો ગોરાગબ જેવા હોય, તે મોહી વધારે હોય. તેથી એ વધારે ભોગવાઈ જાય. એવા આ બધા કુદરતના નિયમ છે.

જે જે આકર્ષણવાળો માલ હોય, આકર્ષક માલ હોય, તે બધો વેચાઈ જાય. છોકરા-છોકરીઓ બધું જ વેચાઈ જાય !

**પ્રશ્નકર્તા :** આવો આકર્ષણવાળો માલ શાના આધારે હોય ?

**દાદાશ્રી :** મોહ વધારે હોય એટલે પછી એ આકર્ષક માલ થાય. એને મૂર્છિત કહેવાય. મોહ ઓછો થયા પછી અંગ બધું ઘાટીલું હોય, પણ ચામડી આકર્ષક ના હોય. ઘાટીલા હોય એટલે એને રૂપાળા કહેવાય. ચામડી આકર્ષક હોય, એ

રૂપ ના કહેવાય. એ તો એક જાતનો બજારૂ માલ કહેવાય. જેની લે-વેચ, લે-વેચ થયા જ કરે.

મોહ પ્રકૃતિ એ જ આકર્ષક ચામડી છે. મોહ પ્રકૃતિવાળાની આંખોય વિકારી હોય. એને પાછા આજના જીવડાં (લોકો) શું માને છે કે હું કેવો રૂપાળો છું ? અલ્યા, તારી કિંમત જ નથી દુનિયામાં ! એનો પ્રભાવ ના થાય. ઊલટું, જોતાંની સાથે જ ભાવ એવો થાય કે અધોગતિએ લઈ જાય ને જ્ઞાન હોય તેય જતું રહે.

## મોહનીય કર્મથી બેભાનપણું

રૂપ એવું છે કે માણસને આકર્ષણ કરી નાખે. રૂપ અસલ બ્રહ્મચારીનેય આકર્ષણ કરી નાખે એવું છે.

મોહ કરવા જેવી ચીજ નથી છતાં આપણને એના તરફ આકર્ષણ થાય છે, એ ચશ્મા એવા ખરાબ હોવાથી. દ્રવ્યકર્મ ચશ્મારૂપી છે. જેને જેવા ચશ્મા એનું સ્વરૂપ એવું.

હવે જ્ઞાનાવરણ-દર્શનાવરણ : બે દ્રવ્યકર્મ, આ બેને લઈને મોહનીય ઉત્પન્ન થયું, દેખાતું બંધ થઈ ગયું, અનુભવમાં આવતું બંધ થયું એટલે મોહ. તેમાં ને તેમાં સારું દેખાયું ત્યાં આગળ ચોંટી પડ્યો. જેમ ફૂદાં છે ને, પેલી લાઈટને ચોંટી પડે છે, એમ આ ચોંટી પડે જેમાં ને તેમાં. એ મોહનીયકર્મ તે ત્રીજું દ્રવ્યકર્મ. એને આ કશું વસ્તુ દેખે તો એની પર કેમ એકદમ ખેંચાઈ જાય છે ? એ મોહનીયકર્મ છે માટે.

જો એ બજારમાં આવ્યો તો ટેટા લીધા વગર રહે નહીં. ના આવ્યો હોત તો કશું ના લેત. ના જુએ તો કશુંય નહીં. પણ જોતાંની સાથે જ મોહ ઉત્પન્ન થઈ જાય એ મોહનીયકર્મ. તે બેભાન થઈ જાય, પોતાની જાત-બાત ભૂલી જાય. મારે શું સગવડ છે કે આજ દેવું થઈ ગયું છે કે નહીં, તેય ભૂલી જાય.

## આકર્ષણ એ પ્રગટ અગ્નિ

**પ્રશ્નકર્તા :** તો (આકર્ષણના) સંયોગોને ટાળવાની વાત થઈ ને, એટલે શું એક ઠેકાણે બેસી રહેવું ?

**દાદાશ્રી :** ના. આપણું વિજ્ઞાન તો જુદી જ જાતનું છે ! આપણે તો 'વ્યવસ્થિતમાં જે હો તે ભલે હો.' પણ ત્યાં આગળ આજ્ઞામાં રહેવું જોઈએ. જ્યાં દેવતા (અગ્નિ) હોય, ત્યાં આજ્ઞામાં નથી રહેતા ? દેવતાને ભૂલચૂકથી અડતા નથી ને ? એવું એણે અહીં વિષયોમાં પણ સાચવવું જોઈએ કે આ દેવતા છે, પ્રગટ અગ્નિ છે. આકર્ષણવાળી વસ્તુ આ જગતમાં જે છે, તે પ્રગટ અગ્નિ છે. ત્યાં ચેતવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એ કે આપણે જે જોઈએ છીએ તે આપણું નથી છતાં ત્યાં જો ભાવ થાય, તે ન થવો જોઈએ એમ ?

**દાદાશ્રી :** તે આપણું તે છે જ નહીં. પુદ્ગલ આપણું હોય જ નહીં. આ આપણું પુદ્ગલ આપણું નથી, તો એનું પુદ્ગલ આપણું કેમ હોય ?

આકર્ષણ એ પ્રગટ અગ્નિ છે. ભગવાને આકર્ષણને તો મોહ કહ્યો છે. મોહનું મૂળિયું જ આકર્ષણ છે, એવું બધું જાણીને લક્ષમાં રાખવું જોઈએ ને ? આપણે દવા તો જાણી રાખવી જોઈએ ને કે આની શી દવા છે ?

આ વિજ્ઞાન છે, સંપૂર્ણભાવે વિજ્ઞાન છે ! દેવતાને કેમ અડતા નથી ? ત્યાં કેમ ચોક્કસ રહે છે ? કારણ કે એનું ફળ તરત જ મળે છે અને વિષયમાં તો પહેલી લાલચ થાય છે. એટલે લાલચથી ફસાય છે. આ દેવતા અડેલો સારો, તેનો ઉપાય છે. પછી ગમે તે ચોપડીએ તો ઠંડું પડી જાય. પણ પેલું તો અત્યારે લાલચમાં ફસાવી અને પાછો આવતો ભવ દેખાડે. આ તો આપણા

જ્ઞાનનેય ધક્કો મારનારું છે ! આવું મોટું વિજ્ઞાન છે, એનેય ધક્કો મારે એવું છે ! માટે ચેતવું !

આ વિષય એકલો જ એવો છે. બીજું બધું છો ને રહ્યું. જીભના વિષય એ બધા સામો દાવો ના માંડે. એ ચેતન જોડે નથી, એ અચેતન છે અને આ તો મિશ્રચેતન છે. તે આ વિષયમાં તો આપણને ઈચ્છા ના હોય તોય વશ થવું પડે, નહીં તો એ દાવો માંડે ને કો'ક ફેરો ભટકાવી મારે. માટે એમાં બહુ જ જાગૃતિ રાખવી. આ વિષય જ એવો છે કે ભટકાવી મારે. આત્મા અમે જે આપ્યો છે તેય ફેંકી દેવડાવે.

## અબ્રહ્મચર્યની રમણતાથી પતન

માણસ એક ફક્ત આટલું જ સાચવે, કે કોઈ પણ વિષય-આકર્ષણ થાય ત્યાં આગળ છે તે તરત જ પ્રતિક્રમણ કરી નાખે તો એનું આગળ ખાતું ચોક્કસ રહે. સહેજ બે મિનિટ વાર લગાડે તો પછી ઊગી નીકળે. સ્ત્રી અગર વિષયમાં રમણતા કરીએ, ધ્યાન કરીએ, નિદિધ્યાસન કરીએ તો એ ગાંઠ પડી જાય વિષયની. પછી શેનાથી ઓગળે એ ? ત્યારે કહે, વિષયના વિરુદ્ધ વિચારોથી ઓગળી જાય.

એ શાથી આકર્ષણ થાય કે પૂર્વે અજ્ઞાનતાથી, આ આપણને સમજણ નહીં, તેથી એની જોડે છે તે એ રમણતા કરેલી છે. એટલે ફરી આકર્ષણ ઊભું થાય. એટલે આપણે સમજી જવાનું કે હવે આને કંઈ હિસાબ છે આ !

**પ્રશ્નકર્તા :** એ ખબર પડે ખરી પણ છતાં એ ફરી ફરી વિચાર આવ્યા કરે.

**દાદાશ્રી :** હા. વિચાર આવ્યા સિવાય કોઈ દહાડો આકર્ષણ થાય નહીં. આકર્ષણ થવાનું થાય ત્યારે મહીં વિચાર આવે. વિચાર મનમાંથી આવે છે અને મન ગાંઠોનું બનેલું છે. જેના વિચારો વધારે આવે, તે ગાંઠ મોટી હોય.

વિચાર આવે એટલે ફરી એ બધા ભાંગવા પડે. જેમ જેમ આવતા જાય એમ ભાંગતા જાય, આવતા જાય એમ ભાંગતા જાય. પ્રત્યેક (વિચારને) જોઈને પ્રતિક્રમણ કરવું પડે.

**પ્રશ્નકર્તા :** એ સમજાય ખરું કે કેટલી મોટી ભૂલ કરી હતી !

**દાદાશ્રી :** ભૂલ તો કરેલી ત્યારે જ મહીં આવ્યું ને ! એક વિચાર પણ આવે, એને શી રીતે ભાંગવું, તે આવડવું જોઈએ ને ! એને આખો દહાડો પૂરો છે તે એમાં કાઢવો પડે, બબ્બે કલાક, ત્યારે છેદાય, નહીં તો ના છેદાય. એ બાંધતા કંઈ વિચાર જ નથી કર્યા ને ! આખી રાત ઊંધો સૂઈ જઈને પછી વિચાર કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** આ ઊંધા પડીને વિચાર કરીએ, એટલે સમજાયું નહીં.

**દાદાશ્રી :** એને કંઈક એટ્રેક્ટિવ (આકર્ષક) લાગ્યું, એટલે પછી ત્યાં છે તે ઊંધો પડીને વિચાર જ કર્યા કરે. એ પછી રમણતા કર્યા કરે. હવે પેલી તો જતી રહી, તો હવે શું કરવા રમણતા કરે છે ? ત્યારે મૂઓ ઊંધો પડીને રમણતા કરે. મહીં એ ટેસ્ટ આવે ને એક જાતનો. હવે જો રમણતા બ્રહ્મચર્યની થાય તો પછી કાર્ય બ્રહ્મચર્ય થાય. પતન ક્યારે થાય ? રમણતા અબ્રહ્મચર્યની થાય ત્યારથી થાય.

તારે આવી રીતે કંઈ ડખો નહીં ને ? થ્રી વિઝન રહે ને ?

**પ્રશ્નકર્તા :** તોય કોઈ વાર કાચું પડી જાય.

**દાદાશ્રી :** એમ ! તે ઘડીએ ડાબા હાથથી જમણા ગાલને ધોલ મારી દઉં ? ત્યારે શું કરું ? 'શું સમજે છે' કરીને એક આપી દેવી.

વિષય રમણતા કરી હોય તેને પ્રતિક્રમણ કરીને ધોઈ નાખવું. પછી દાંત-બાંત તોડી નાખીએ

તો શું દેખાય, એવું તેવું બધું જોવું જોઈએ. થ્રી વિઝન તો કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** પણ થ્રી વિઝન જોવા છતાંય એ પાછું ને પાછું યાદ આવે છે.

**દાદાશ્રી :** એ યાદ એ તો મનનું કામ છે, તારે શું જાય છે ? તારે 'જોયા' જ કરવાનું.

**પ્રશ્નકર્તા :** તો એના પરથી એમ જણાય છે કે હજી એ તૂટ્યું નથી.

**દાદાશ્રી :** તૂટે શી રીતે પણ ? એ તો એનો બધો કસ નીકળી જશે ત્યારે છૂટું થશે. જેટલો કસ ભરેલો છે, ત્યાં સુધી આપણે જોયા જ કરવાનું.

**પ્રશ્નકર્તા :** લાંબા વિચારો આવે, એમાં તન્મયાકાર થઈ જવાય.

**દાદાશ્રી :** વિચાર તો આવે, એ તો જ્યાં સુધી લાંબું છે એટલે વિચાર આવ્યા જ કરે. એનો હિસાબ પૂરો થાય એટલે મન બંધ થઈ જાય. એ પછી બીજું પકડે.

**પ્રશ્નકર્તા :** પણ એ હિસાબ ક્યારે પતે ?

**દાદાશ્રી :** હજી તો બધું બહુ પાર વગરનું ! હજી તો કંઈ હિસાબેય નથી. હજુ તો આ પાશેરીની પહેલી પૂણી ખસી છે. પણ આ અહીંથી ઝટ કાપી નાખે તેને કશુંય નથી બહુ. દેખાયું ત્યાંથી પ્રતિક્રમણ કરે અને પછી પેલી રમણતામાં ના પડે, રાતે કશેય. જરાય એનો વિચાર આવ્યો કે રમણતામાં પડવાનું, નીચે સ્લિપ થયું (લપસ્યો) કહેવાય. એ તો રમણતાથી જ આ બધા દોષ ઊભા થયા છે ને ! એટલે એમાં ઊંધા થઈને પછી ભોગવી લે, એ હું જોઉં છું ને !

દૃષ્ટિ બદલાય પછી રમણતા ચાલુ થાય. દૃષ્ટિ બદલાય તો એનું કારણ છે, એની પાછળ ગયા અવતારના કોઝિઝ (કારણો) છે. તેથી કરીને બધાનું જોઈને દૃષ્ટિ બદલાતી નથી. અમુકને જુએ ત્યારે દૃષ્ટિ બદલાય છે. કૉઝિઝ હોય, એનો આગળનો હિસાબ ચાલ્યો આવતો હોય તે અને પછી રમણતા થાય તો જાણવું કે વધારે મોટો હિસાબ છે, એટલે ત્યાં વધારે જાગૃતિ રાખવી. એની જોડે પ્રતિક્રમણના તીર માર માર કરવા. ત્યાં આલોચના-પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન જબરજસ્ત હોય.

એટલે આ તો પ્રતિક્રમણથી બંધ થાય, નહીં તો આ બંધ જ ના થાય ને ! પછી પતન થાય તો જોખમદારી રહેતી નથી. પણ જ્યાં આગળ ભાન જ ના હોય, ત્યાં આગળ પછી આકર્ષણ થયું તો પછી ત્યાં એમ ને એમ બધું પડી રહે પાછું. એટલે જોતાંની સાથે આકર્ષણ થાય, એની સાથે એના આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થાય અને અવળા વિચારોને કાપે તો તરે, નહીં તો કોઈ તરે જ નહીં આમાંથી. એટલે બહુ ઊંડો ખાડો છે આ તો.

## આકર્ષણ શું છે, એ સમજાય તો ચેતાય

આકર્ષણથી જ આ બધું જગત ઊભું રહ્યું છે. આમાં ભગવાનને કરવાની જરૂર પડી નથી, ખાલી આકર્ષણ જ છે ! આ સ્ત્રી-પુરુષનું જે છે ને, તેય આકર્ષણ જ છે ખાલી. ટાંકણી ને લોહચુંબકનું જેવું આકર્ષણ છે એવું આ સ્ત્રી-પુરુષનું આકર્ષણ છે. કંઈ બધી સ્ત્રીઓ જોડે આકર્ષણ ના થાય. એક સરખા પરમાણુ મળતા આવતા હોય તો એ સ્ત્રી પર આકર્ષણ થાય. આકર્ષણ થયા પછી પોતે નક્કી કર્યું હોય કે મારે નથી ખેંચાવું તોય ખેંચાઈ જાય. ત્યાં વિચારવું ના જોઈએ કે આપણે આકર્ષાવું નથી, છતાં આકર્ષણ કેમ ઉત્પન્ન થાય છે ? માટે 'ધેર આર સમ કૉઝિઝ' (ત્યાં કંઈક કારણો છે) ! એ 'મેગ્નેટિક કૉઝિઝ' (ચુંબકીય કારણો) છે !

**પ્રશ્નકર્તા :** એ પૂર્વજન્મના હોઈ શકે ?

**દાદાશ્રી :** એ આકર્ષણ આપણી ઈચ્છા નથી તોય થાય છે, એનું નામ જ પૂર્વજન્મનું. આનેય

મેગ્નેટિક થયેલું છે ને પેલીનેય મેગ્નેટિક થયેલું છે. પૂર્વજન્મમાં સૂક્ષ્મ રૂપે હોય છે અને અહીં સ્થૂળ રૂપે થાય છે. એટલે પછી સ્વાભાવિક રીતે ખેંચાણ થાય જ. હવે ખેંચાણ થાય તેથી કરીને તમારા મનમાં એમ લાગે કે હું ખેંચાયો. પણ જ્યારે તમારું સ્વરૂપ તમે જાણશો, ત્યાર પછી તમને એમ લાગશે કે 'ચંદુભાઈ*' ખેંચાયા.

**પ્રશ્નકર્તા :** આ આકર્ષણ જે થાય છે, એ કર્મને આધીન ખરું કે નહીં ?

**દાદાશ્રી :** કર્મને આધીન તો આખું જગત જ છે, પણ સામાના પરમાણુ ને આપણા પરમાણુ એક હોય તો જ આકર્ષણ થાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાં કર્મનો ઉદય તો ખરો જ ને ?

**દાદાશ્રી :** કર્મના ઉદયથી તો આખું જગત છે. એ એક ફેક્ટર (ભાગ)માં તો બધું આવી જ ગયું, પણ એને ડીવાઈડ (જુદું) કરો તો આ રીતે જુદું થાય કે આપણા પરમાણુ જોડે સામાના પરમાણુ મળતા હોય તો જ ખેંચાય, નહીં તો ખેંચાય નહીં.

ખેંચાણ થવું એ વસ્તુ એવી છે ને કે પરમાણુનો સામસામી હિસાબ છે એને, તેથી ખેંચાય છે ! અત્યારે જે રાગ ઉત્પન્ન થાય છે, તે ખરેખર રાગ નથી. આ લોહચુંબક અને ટાંકણી હોય, તે લોહચુંબક આમ ફેરવે તો ટાંકણી આઘીપાછી થાય. તે બન્નેમાં કંઈ જીવ નથી. છતાં લોહચુંબકના ગુણને લીધે બન્નેને ખાલી આકર્ષણ રહે છે. એવું આ દેહને સરખા પરમાણુ હોય ને, ત્યારે તેની જ જોડે એને આકર્ષણ થાય.

## આકર્ષણ એ જ આસક્તિ

**પ્રશ્નકર્તા :** સ્ત્રી જોડે આકર્ષણ થાય છે તે 'આસક્તિ' છે, પણ આસક્તિમાં આત્મા ભળે તે 'રાગ' છે. એમાં આપ શું કહેવા માંગો છો ?

**દાદાશ્રી :** આસક્તિ એ કોના જેવી છે ? આ લોહચુંબક હોય અને આ ટાંકણી અહીં પડી હોય ને લોહચુંબક આમ આમ કરીએ તો ટાંકણી ઊંચીનીચી થાય કે ના થાય ? થાય. લોહચુંબક નજીક ધરીએ તો ટાંકણી એને ચોંટી જાય, એ ટાંકણીમાં આસક્તિ ક્યાંથી આવી ? એવી રીતે આ શરીરમાં લોહચુંબક નામનો ગુણ છે. કારણ કે મહીં ઈલેક્ટ્રિક બૉડી છે. એટલે એ બૉડીના આધારે ઈલેક્ટ્રિસિટી બધી થયેલી છે. તેથી શરીરમાં લોહચુંબક નામનો ગુણ ઉત્પન્ન થાય છે. પોતાના પરમાણુ મળતા આવે ત્યાં આકર્ષણ ને વિકર્ષણ ઊભા થાય અને બીજાની જોડે પરમાણુ ના મળતા આવે ત્યાં કશું નહીં. એ આકર્ષણ ને વિકર્ષણને આપણા લોકો 'રાગ' કહે છે. કહેશે, 'મારો દેહ ખેંચાય છે.' અલ્યા, તારી ઈચ્છા નથી તો દેહ કેમ ખેંચાય છે ? માટે 'તું કોણ છે' ત્યાં આગળ ?

આપણે દેહને કહીએ, 'તું જઈશ નહીં' તોય ઊઠીને હેંડવા માંડે. કારણ કે પરમાણુનું બંધાયેલું છે ને, તે પરમાણુનું ખેંચાણ છે આ. મળતા પરમાણુ આવે ત્યાં આ દેહ ખેંચાઈ જાય. નહીં તો આપણી ઈચ્છા ના હોય તોય દેહ કેમ કરીને ખેંચાય ? આ દેહ ખેંચાઈ જાય, એને આ જગતના લોકો કહે, 'મને આની પર બહુ રાગ છે.' આપણે પૂછીએ, 'અલ્યા, તારી ઈચ્છા ખેંચાવાની છે ? તો એ કહેશે, 'ના, મારી ઈચ્છા નથી, તોય ખેંચાઈ જવાય છે.' તો પછી આ રાગ નથી, આ તો આકર્ષણનો ગુણ છે. એટલે આ દેહ ખેંચાય ને તે દેહ ક્રિયાશીલ બને છે. આ બધું પરમાણુનું જ આકર્ષણ છે.

એટલે આ છોકરા પર પણ આસક્તિ જ છે ખાલી, પરમાણુની ! પરમાણુ મળી આવ્યા ! ત્રણ પરમાણુ આપણા ને ત્રણ પરમાણુ એના, એમ પરમાણુ મળી આવ્યા એટલે આસક્તિ થાય. મારા ત્રણ અને તમારા ચાર હોય તો કશું લેવાદેવા નહીં. એટલે વિજ્ઞાન છે આ બધું તો ! આસક્તિ તો

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

એબવ નોર્મલ (પ્રમાણ કરતા વધારે) અને બીલો નોર્મલ (પ્રમાણ કરતા ઓછી) પણ હોઈ શકે. પ્રેમ નોર્માલિટીમાં હોય, એકસરખો જ હોય. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થાય જ નહીં.

વ્યવહારમાં અભેદતા રહે, તેનું પણ કારણ હોય છે. એ તો પરમાણુ અને આસક્તિના ગુણો છે, પણ તેમાં કઈ ક્ષણે શું થશે તે કહેવાય નહીં. જ્યાં સુધી પરમાણુ મળતા આવે ત્યાં સુધી આકર્ષણ રહે, તેથી અભેદતા રહે. અને પરમાણુ મળતા ના આવે તો વિકર્ષણ થાય અને વેર થાય. માટે આસક્તિ હોય ત્યાં વેર હોય જ. આસક્તિમાં હિતાહિતનું ભાન ના હોય.

આકર્ષણ જો એકલું થતું હોય તો તેને આપણે પસંદ કરીએ, પણ પાછું વિકર્ષણ થવાનું. ઘડીમાં સારું લાગે, પાછું કડવું લાગે. ભઈ ગમે એવા રૂપાળા હોય, પણ બહેનને બે અવળા શબ્દો બોલ્યા કે 'તું અક્કલ વગરની છે', તો પછી બહેનને એમ થાય કે 'મને અક્કલ વગરની કહી ?' તે પાછું કડવું લાગે. એટલે એકલું આકર્ષણ પણ નથી આ જગતમાં. આકર્ષણ ને વિકર્ષણ બેઉ છે, આ દ્વન્દ્વ રૂપ છે ! આ જગત જ દ્વન્દ્વ રૂપ છે. એટલે એકલું આકર્ષણ ના હોય, વિકર્ષણ હોય જ. વિકર્ષણ ના હોય તો ફરી આકર્ષણ થાય જ નહીં અને જો એકલું આકર્ષણ હોય, તોય બધા લોક કંટાળી જાય.

### આકર્ષણમાંથી વિકર્ષણ થાય જ

**પ્રશ્નકર્તા :** એટલે એનો નિયમ જ છે કે આ આકર્ષણ થાય એટલે પછી એનું આ વિકર્ષણ પરિણામ આવે જ.

**દાદાશ્રી :** આકર્ષણ-વિકર્ષણ એ નિયમ જ છે. આકર્ષણ ક્યાં સુધી કહેવાય ? વિકર્ષણ ભેગું ના થાય ત્યાં સુધી ફળ ના આપે. વિકર્ષણનો સંજોગ ભેગો થાય એટલે ફળ આપવાનું શરૂ કરે.

**પ્રશ્નકર્તા :** આકર્ષણ ફળ આપવાનું શરૂ કરે, પછી શું ?

**દાદાશ્રી :** પછી ખલાસ થઈ ગયું ! માણસ મરી ગયો ! સ્પર્શ થાય કે એવું તેવું થાય તો મને આવીને કહેવું ને હું તરત ચોખ્ખું કરી આપું.

**પ્રશ્નકર્તા :** ના, એ કોઈ દહાડો ક્યાંય નહીં.

**દાદાશ્રી :** પણ થઈ જાય ભૂલેચૂકે એવું, તો મને આવીને તરત કહેવું. કારણ કે એક જ ટચ થવાથી અંદર ઈલેક્ટ્રિસિટીનું એટ્રેક્શન (ખેંચાણ) જે થાય છે, તે પછી અમારે કાઢવી પડે ઈલેક્ટ્રિસિટી.

**પ્રશ્નકર્તા :** એ ઈલેક્ટ્રિસિટી કેવી હોય ? એ તમે કહ્યું ને કે ઈલેક્ટ્રિસિટી મારે ધોવી પડે એવી હોય.

**દાદાશ્રી :** એના પરમાણુની અસર થઈ જાય એમ. એટ્રેક્શનના વધતા જાય પરમાણુ. આંખે દેખ્યાના પરમાણુ સૂક્ષ્મ હોય અને સૂક્ષ્મમાંથી સ્થૂળ ઊભું થાય અને પછી એમાંથી ખેંચાણ થાય. આકર્ષણ વધતું જ જાય. આકર્ષણ વધતું, તે પછી એનું વિકર્ષણ થાય. વિકર્ષણ થવાનું થાય એટલે પહેલા કાર્ય થાય. પછી વિકર્ષણ થયા કરે. કાર્ય શરૂ થયું ત્યારથી વિકર્ષણ શરૂ થાય. કાર્યની શરૂઆત સુધી આકર્ષણ થયા કરે અને કાર્ય પૂરું થાય એટલે વિકર્ષણ થયા કરે. આવું પરમાણુનું એટ્રેક્શન છે.

**પ્રશ્નકર્તા :** તો એ સ્પર્શથી પરમાણુઓ ક્યાં સુધી એને નીચે ઘસડી જાય છે ?

**દાદાશ્રી :** હા, એટલે પરમાણુનું એટ્રેક્શન બધું કામ કરે છે. એ તો બિચારાને હાથમાં જ નથી રહેતીને સત્તા અને વિકર્ષણ થાય તે છૂટવું ના હોય તોય એ પરમાણુ જ પોતે વિકર્ષણ કરાવડાવે, છૂટાં પાડે.

**પ્રશ્નકર્તા :** વિકર્ષણ થાય એટલે પરમાણુ જ પોતે છૂટા કરાવડાવે ?

**દાદાશ્રી :** હા, પોતે જ વિકર્ષણ કરાવડાવે છે, એને અમલ આપીને.

**પ્રશ્નકર્તા :** એટલે કઈ રીતના ?

**દાદાશ્રી :** એનો અમલ ફળ આપી અને પોતે જ વિકર્ષણ સ્વરૂપ થઈ પડે છે.

## સિદ્ધાંત આકર્ષણ-વિકર્ષણનો

આ જગત પરમાણુનું ભરેલું છે. જગતનો સ્વભાવ જ છે કે સરખા પરમાણુનું આકર્ષણ થાય. વિકર્ષણ-આકર્ષણ પરમાણુનું હોય છે. પરમાણુને એક છેડે પોઝિટિવ છે, બીજે છેડે નેગેટિવ છે.

પોઝિટિવ અને નેગેટિવ ભેગા થાય ત્યારે જ પરમાણુનું આકર્ષણ થાય.

આપણને કોઈ માણસ બહુ સાંભર સાંભર કરે, તેનો રોગ આપણી મહીં પેસી જાય. જેના તમને બહુ વિચાર આવે તેના પરમાણુઓ તમારામાં પેસી જાય. સાંભરવું એટલે અનુકૂળ પરમાણુ એટ્રેક્ટ (આકર્ષિત) કરે છે તે. એ પરમાણુ ખલાસ થશે એટલે સાંભરવાનું બંધ થશે.

**પ્રશ્નકર્તા :** આ છૂટા પડતી વખતે આંખમાંથી પાણી નીકળી જાય છે તે શું છે ?

**દાદાશ્રી :** એ બધું પરમાણુનું જ છે. આકર્ષણના પરમાણુ હોય તો છૂટા પડતી વખતે આંખમાં પાણી આવે ને વિકર્ષણના પરમાણુ હોય તો છૂટા પડતી વખતે આનંદ થાય.

વિકર્ષણમાં જાગ્રત હોય. આકર્ષણમાં ગોથું ખાઈ જાય. આકર્ષણ એ પુદ્ગલનો ગુણ છે. એક પરમાણુ બીજા પરમાણુને મળતું આવે એટલે ખેંચે. દેહ-મન-ચિત્ત પરમાણુના બનેલા છે તે ખેંચાય છે. કેટલીક જગ્યાએ વિકર્ષણ પણ થાય છે.

**પ્રશ્નકર્તા :** આ દેહમાં આ આત્મા જશે, આ દેહમાં આ આત્મા જશે એ બધું કોણ નક્કી કરે છે ?

**દાદાશ્રી :** આપણે નક્કી કરવાની જરૂર નહીં. પોતાના હિસાબવાળા પરમાણુ ભેગા થાય એટલે ત્યાં આકર્ષણથી જાય છે. બધું આકર્ષણથી જ નર્યું જગત ચાલી રહ્યું છે.

**પ્રશ્નકર્તા :** શરીર ને આત્માનું આકર્ષણ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** શરીર અને આત્માનું આકર્ષણ છે જ નહીં. આત્માને કોઈ જગ્યાએ આકર્ષણ નથી. આત્માની જોડે જે બીજી વસ્તુઓ છે, તે વસ્તુઓના આકર્ષણને લઈ ખેંચાય છે. જાત જાતના અભ્યાસ થઈ ગયેલા હોય. બહુ કાળ આકર્ષણ હોય તેનું વિકર્ષણ થાય. એ આત્મ સ્વભાવ નથી, પૌદ્ગલિક સ્વભાવ છે. પરમાણુનો આકર્ષણ ગુણ છે, પણ જ્યાં સુધી જ્ઞાન ન મળે ત્યાં સુધી આકર્ષણ કહેવાય નહીં. કારણ કે એના મનમાં તો એમ જ થાય કે 'મેં જ કર્યું આ' અને જ્ઞાન મળ્યું હોય તો એના મનમાં થાય કે દેહ આકર્ષણથી ખેંચાયો અને મેં કંઈ કર્યું નથી, મેં જાણ્યું ફક્ત.

## આકર્ષણ એ પુદ્ગલની કરામત

બધું જ પરમાણુનું ખેંચાણ છે. આકર્ષણ-વિકર્ષણમાં બે જાતના પરમાણુઓ છે. દ્વેષના પરમાણુઓ ભરી લાવ્યો છે તે દ્વેષ કરે છે. રાગના લાવ્યો છે તે રાગ કરે છે. પુદ્ગલના આકર્ષણને લોકો રાગ કહે છે. રાગ એ રાગ નથી પણ માન્યતાની ભૂલ છે. રાગ એ સરખા સ્વભાવવાળા પરમાણુઓનો આકર્ષણ ગુણ છે. એ તો પુદ્ગલની કરામત છે.

રાગ-દ્વેષ એ તો આત્માની વૃત્તિ આગળ આકર્ષણ-વિકર્ષણ છે. આકર્ષણ આગળ આંતરો આવે ત્યાં દ્વેષ થાય.

**પ્રશ્નકર્તા :** રાગ-દ્વેષ એ સજાતીય અને વિજાતીયને લીધે છે ?

**દાદાશ્રી :** લોહચુંબક જેવું છે. રાગ બહુ જુદી જ વસ્તુ છે. આ જીવતા ઉપર આકર્ષણ થાય છે તેને લોકો 'રાગ' કહે છે, પણ એ વીતરાગોની ભાષાનો રાગ ન હોય. પરમાણુઓનું આકર્ષણ છે તો એને 'રાગ' કહે છે અને વિકર્ષણ છે તો એને 'દ્વેષ' કહે છે.

## આકર્ષણ એ પુદ્ગલનો ચુંબકત્વ ગુણ

**પ્રશ્નકર્તા :** રાગ-(દ્વેષ) એ અહંકારનું પરિણામ છે અને આકર્ષણ એ પુદ્ગલનો ગુણ છે.

**દાદાશ્રી :** રાગ એ અહંકારનો ગુણ છે. રાગ અને દ્વેષ બેઉ અહંકારી ગુણ છે. આકર્ષણ એ પુદ્ગલનો ગુણ કહેવાય.

**પ્રશ્નકર્તા :** 'જેનો' અહંકાર ગયો હોય, 'તેને' પુદ્ગલનું આકર્ષણ રહે ?

**દાદાશ્રી :** 'એને' પોતાને ના રહે, પણ પુદ્ગલને પુદ્ગલનું આકર્ષણ રહે. આ 'તને' અહંકાર ગયેલો હોય તો તને ના અડે પણ ચંદુને રહે. આ જ્ઞાન મળ્યા પછી નવો રસ ઉત્પન્ન થતો નથી. જ્યાં સુધી જૂનો રસ સંપૂર્ણ ખેંચાઈ ગયો નથી, ત્યાં સુધી નિવેડો ના આવે. નવો રસ ઉત્પન્ન થતો હોય ત્યાં આગળ સંસાર. આ તો ઈફેક્ટ જ છે ખાલી. આ કોઝિઝ ના હોય, નિકાલી બાબત હોય આ. કોઝિઝ ને ઈફેક્ટનું બન્ને સાથે હોય એનું નામ સંસાર.

સોનાની વ્યાખ્યા આપણે ના સમજીએ અને પછી પિત્તળને સોનું કહીએ, તો તો પછી આપણે એની કિંમત જ ના સમજ્યા કહેવાય ને ? પિત્તળેય બફીંગ કરે તો સોના જેવું દેખાય, પણ સોનાની વ્યાખ્યા ગુણ સહિત જાણવી જોઈએ. એવી રીતે આકર્ષણ શું છે ? વિકર્ષણ શું છે ? એ પુદ્ગલ પરમાણુના ગુણો છે. આ બધું સાયન્સ (વિજ્ઞાન) છે. સાયન્સ એટલે એક્ઝેક્ટલી (જેમ છે તેમ) સમજી લેવું જોઈએ. વાત ઝીણવટથી સમજી લેવાની જરૂર છે, કશું કરવાની જરૂર નથી.

## જેને મહીં નથી ગમતું તે જ છૂટે

**પ્રશ્નકર્તા :** વિષય રાગથી ભોગવે છે કે દ્વેષથી ?

**દાદાશ્રી :** રાગથી. એ રાગમાંથી દ્વેષ ઉત્પન્ન થાય છે. આ મિશ્રચેતન તો 'ફાઈલ' કહેવાય. પણ પૂર્વભવનો હિસાબ બંધાઈ ગયેલો હોય, 'દેખત ભૂલી'નો હિસાબ થઈ ગયો એટલે એને છૂટકો જ નહીં ને ! એની ઈચ્છા ના હોય, આજે નક્કી કર્યું હોય તોય પાછો સાંજે જતો રહે, છૂટકો જ નહીં. એ આકર્ષણથી ખેંચાય છે. મહીંથી એ આકર્ષણ થાય છે અને પોતે જાણે કે 'હું ગયો.' ના જવું હોય તોય જવાય છે, એનું શું કારણ ? તે આકર્ષણથી ખેંચાઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** મિશ્રચેતન સંબંધી ફાઈલ હોય છે. એમાં એક બાજુ જાગૃતિ પણ રહે છે. એક બાજુ મનને અમુક મીઠાશ પણ વર્તાય છે, બીજી બાજુ એ ગમતું નથી, જ્ઞાન ના પાડે છે કે આ બધું યોગ્ય નથી. એના માટે દ્વિધા રહ્યા કરે છે.

**દાદાશ્રી :** એ નથી ગમતું તે જ છૂટે છે ને ! ના ગમે તોય એ કરાર પૂરો કરવો જોઈએ ને ? જે ના ગમતું હોય તે પછી વળગે જ નહીં. જ્ઞાન પ્રગટ થયા પછી ના ગમતું વળગે જ નહીં. મહીં જરા ગમતું હોય તો જ વળગે. ના ગમતું વળગેય નહીં ને ટકેય નહીં બહુ દહાડા. એ બે વર્ષે, પાંચ વર્ષે પણ પછી ઉકેલ આવી જાય.

## દેહની ચંચળતા સામે કડક રહેવું

જ્યાં ખેંચાણ થતું હોય ત્યાં જાગ્રત રહો. ખેંચાણ ના થતું હોય તો વાંધો નહીં. વારે

ઘડીએ ખેંચાણ થતું હોય તો જાણવું કે આ હજુ ફાઈલ છે.

**પ્રશ્નકર્તા :** અમુક ફાઈલ હોય તો ખેંચાણ થાય.

**દાદાશ્રી :** ચેતીને ચાલજો. આપણું જ્ઞાન છે તો બ્રહ્મચર્યવ્રત રહી શકે એમ છે. કારણ કે શુદ્ધાત્મા જુદો પાડેલો છે. એટલે રહી શકે, નહીં તો કોઈ જગ્યાએ રહી ના શકે. દાદાએ આપેલો, 'હું શુદ્ધાત્મા છું' એમ કહેતાંની સાથે એ કમ્પ્લીટ (તદ્દન) જુદો થઈ જાય. એ શંકા વગરનો છે, બીજે બધે શંકાવાળું.

**પ્રશ્નકર્તા :** 'પોતે' જુદો રહે છે એટલે જ અમુક ફાઈલ આવી અને ચંચળતા થઈ, એ બધું ખબર પડે.

**દાદાશ્રી :** હા, ખબર પડે જ ને ! પેલો જુદો ના થયો હોય તો ખબર ના પડે, એટલે તન્મયાકાર જ રહે. (પોતે જુદો રહે તો) ખબર પડે, હાલી ઊઠ્યું એ સમજાય. હવે બધું કેમ કરવું તેય પણ જાણે, તો બધા સંજોગો(નો ઉકેલ લાવતા) આવડે.

તારે રાગે રહે છે કે એવું જ બધું ? હજુ ચંચળ થઈ જઉં છું ને ?

**પ્રશ્નકર્તા :** મારે એવું કંઈ બન્યું જ નથી.

**દાદાશ્રી :** એ બન્યું છે. હું તો ચંચળતાને જોઉં ને ! તને ખબર ના પડે. દેહ ચંચળ થયો હોય, તે તને ખબર ના પડે. હું ઓળખી જઉં ને, ચંચળતાને !

**પ્રશ્નકર્તા :** મન બગડે એટલે તો પોતાને ખબર પડે ને ?

**દાદાશ્રી :** મન બગડે, વિચારો બગડે તો તને ખબર પડે, પણ દેહ ચંચળ થયો હોય તે આમ ખબર ના પડે. દેહ ચંચળ થઈ જાય છે. એ તો સામું જોવાની શક્તિ હોવી જોઈએ. એ કડક જ રહેવું જોઈએ. આ તો સુંવાળું લાગે. એકદમ કડક અગ્નિ જાણીને છેટું રહેવું પડે.

## સામાયિકમાં ઓગળે દેહના આકર્ષણ

**પ્રશ્નકર્તા :** દેહનું આકર્ષણ બહુ રહ્યા કરે.

**દાદાશ્રી :** એ આકર્ષણ રહ્યા કરે છે, તેમાં ફક્ત જાગૃતિ રાખવાની છે. અમે તમને જે વાક્ય આપ્યું છે ને કે 'મન-વચન-કાયાની તમામ સંગી ક્રિયાઓથી હું તદ્દન અસંગ જ છું.' એ જાગૃતિ રહેવી જોઈએ. અને ખરેખર એક્ઝેક્ટલી એમ જ છે. એ બધું પૂરણ-ગલન છે. તમે આ જાગૃતિ રાખો તો તમને બંધ નથી.

**પ્રશ્નકર્તા :** જાગૃતિ ના હોય એટલે રાગ થાય ને ?

**દાદાશ્રી :** ના, એવું નથી. હવે તમને રાગ થાય જ નહીં. આ થાય છે તે આકર્ષણ છે.

**પ્રશ્નકર્તા :** આ થાય છે તે આકર્ષણ છે, એ નબળાઈ ના ગણાય ?

**દાદાશ્રી :** ના, નબળાઈ ના ગણાય. એને ને આત્માને કશી લેવાદેવા નથી. ફક્ત તમને પોતાનું સુખ આવવા ના દે. એટલે એક-બે અવતાર વધારે કરાવડાવે. તેનો ઉપાય પણ છે. અહીં આપણે આ બધા છે તે 'સામાયિક' કરે છે. તે સામાયિકમાં એ વિષય (દોષને) મૂકીને પોતે ધ્યાન કરે વિષયને જુદા જુએ, તો એ વિષય ઓગળતો જાય, ખલાસ થઈ જાય. જે જે તમારે ઓગાળી નાખવું હોય, તે અહીં ઓગાળી શકાય.

તમને જે વિષય નડતો હોય, તે જ 'સામાયિક'માં મૂકવાનો. અને તેને જોયા કરવાનું. ખાલી જોવાથી જ બધી ગાંઠો ઓગળી જાય.

## ખેંચવા પોતાના રાગ-દ્વેષના ભાવ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, શરીરના પરમાણુઓમાં તો આકર્ષણ ને વિકર્ષણ રહેવાના જ, એને કાઢવાનો પ્રયત્ન કરવો, એ ઊલટું ખોટી દિશામાં ચાલવા જેવું છે.

**દાદાશ્રી :** ના, એ કાઢવાનો વિચાર નહીં કરવાનો. એ કઢાય જ નહીં, નીકળે જ નહીં. એમાંથી આપણો ભાવ ખેંચી લેવાનો છે. આ રાગ-દ્વેષના ભાવ ખેંચી લેવાના છે. એટલે વીતરાગતા રાખવાની છે આપણે, બસ. એ પરમાણુ તો એની અસર કર્યા જ કરવાના.

પરમાણુઓ આપણે મહીં જેવા ભર્યા છે તેવા જ પરમાણુ ફળ આપવાના. એટલે આપણે કહીએ છીએ ને કે જે થાય એનો નિકાલ કરો. જેવું ભર્યુ એવું નીકળશે. ફક્ત ખેંચાઈ શું ગયું ? ત્યારે કહે, જે એની પર રાગ-દ્વેષ હતા આપણા, તે ખેંચાઈ ગયા. રાગ-દ્વેષ ના થાય એ વીતરાગ કહેવાય.

## ખપે પ્રતિક્રમણ, આકર્ષણ સામે

જ્યાં આકર્ષણ ત્યાં મોહ. જ્યાં આપણી આંખો ખેંચાય, જ્યાં અંદર બહુ આકર્ષણ થયા કરે, ત્યાં મોહ હોય જ. તેથી શાસ્ત્રકારોએ બહુ ચેતવ્યા છે કે આકર્ષણવાળી જગ્યાએ ઉપયોગ રાખો, શુદ્ધ ઉપયોગ રાખો તો એ જગ્યા તમને હેરાન નહીં કરે. નહીં તો એ આકર્ષણવાળી જગ્યા છે. જેમ આપણે લપસણી જગ્યા હોય તો શું કરીએ છીએ ?

**પ્રશ્નકર્તા :** ત્યાં ચેતીને ચાલીએ.

**દાદાશ્રી :** ત્યાં તમે જાગૃતિ નથી રાખતા ? ને લોકો બૂમો હઉ પાડે, 'અરે, ચંદુભાઈ લપસી પડશો, જરા સાચવીને આવજો.' એવું આ મોટું લપસણું આકર્ષણ છે. એટલે અહીં આગળ જાગૃતિ બહુ જ જોઈએ. અહીં શુદ્ધ ઉપયોગ ગોઠવો. જ્યાં આકર્ષણ થાય, ત્યાં શુદ્ધાત્મા જોઈને, પ્રતિક્રમણ વિધિ એ બધું કરીને ચોખ્ખું કરી નાખવું. બધે કાંઈ આકર્ષણ હોતું નથી.

**પ્રશ્નકર્તા :** આકર્ષણનું પ્રતિક્રમણ કરવું પડે ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! આકર્ષણ-વિકર્ષણ આ શરીરને થતું હોય તો આપણે ચંદુભાઈને કહેવું પડે કે 'હે ચંદુભાઈ, અહીં આકર્ષણ થાય છે, તો પ્રતિક્રમણ કરો.' તો આકર્ષણ બંધ થઈ જાય. આકર્ષણ-વિકર્ષણ બેઉ છે તે આપણને રઝળાવનારા છે. આ પુદ્ગલ શું કહે કે 'તમે શુદ્ધાત્મા થઈ ગયા એનો મને વાંધો નથી, પણ તમારો મોક્ષ ક્યારે થશે ? અમે તો શુદ્ધ પરમાણુ રૂપે હતા, પણ તમે જ અમને બગાડ્યા છે. માટે અમને શુદ્ધ કરી નાખો. જેવા હતા તેવા કરી નાખો તો તમે છૂટશો. જ્યાં સુધી અમને શુદ્ધ કરશો નહીં ત્યાં સુધી તમે છૂટશો નહીં'. આ પુદ્ગલનો નિકાલ ના થાય ત્યાં સુધી એ છોડે નહીં. તેથી આપણે આ બધી ફાઈલોનો સમભાવે નિકાલ કરવાનું કહ્યું; તે પરમાણુ શુદ્ધ થવા માટે કહેલું છે.

પુદ્ગલની પોતાની એવી જુદી જુદી શક્તિઓ છે કે આત્માને આકર્ષણ કરે છે. એ શક્તિથી જ પોતે માર ખાધો છે ને ! આત્મા છે તે પુદ્ગલની શક્તિ જાણવા નીકળ્યો કે આ શું છે ? આ કઈ શક્તિ છે ? હવે એમાં એ પોતે જ ફસાયો ! હવે શી રીતે છૂટે ? પોતાના સ્વરૂપનું ભાન થાય તો છૂટે.

## થ્રી વિઝનથી ઉખડે આકર્ષણ

પુદ્ગલનો સ્વભાવ જો જ્ઞાને કરીને રહેતો હોય, તો તો પછી આકર્ષણ થાય એવું છે જ નહીં. પણ પુદ્ગલનો સ્વભાવ જ્ઞાને કરીને રહેતો હોય, એવું હોય જ નહીં ને કોઈ માણસને ! પુદ્ગલનો સ્વભાવ અમને તો જ્ઞાને કરીને રહે.

**પ્રશ્નકર્તા :** 'પુદ્ગલનો સ્વભાવ જ્ઞાને કરીને રહે તો આકર્ષણ ના રહે', એ ના સમજાયું.

**દાદાશ્રી :** એટલે શું કે કોઈ સ્ત્રીએ કે પુરુષે ગમે તેવાં કપડાં પહેર્યાં હોય તો કપડાં રહિત દેખાય, તે જ્ઞાને કરીને ફર્સ્ટ (પહેલું) દર્શન. સેકન્ડ (બીજું) દર્શન એટલે શરીર પરથી ચામડી ખસી જાય તેવું દેખાય અને થર્ડ (ત્રીજું) દર્શન એટલે બધું જ (શરીરની) અંદરનું દેખાડે એવું દેખાય. પછી આકર્ષણ રહે ખરું ? એવું તને રહે છે ?

**પ્રશ્નકર્તા :** એવો અભ્યાસ દહાડે દહાડે વધતો જાય છે.

**દાદાશ્રી :** ત્યારે સારું. એવો અભ્યાસ કરે, તે સારું કહેવાય. પણ એ પુદ્ગલની ખેંચ એને અનંત અવતારની છે તે જાય નહીં. એટલે એ ખેંચ નુકસાન શેમાં કરે એવી છે ? આ સ્ત્રી-પુરુષોના આકર્ષણમાં એ ખેંચ નુકસાન કરે એવી છે. એટલે ત્યાં આગળ બહુ જાગૃતિ રાખવી જોઈએ.

## આકર્ષણ સામે ખપે જાગૃતિ

**પ્રશ્નકર્તા :** મનમાં નક્કી કર્યું હોય કે 'કોઈ માટે ખરાબ વિચાર ના કરવા', અને મને ખરાબ વિચાર ના આવે પણ એનું મોઢું દેખાયા કરે, પ્રતિક્રમણ કરું તોય પાછું એ તો દેખાયા કરે છે, તો શું કરવું ?

**દાદાશ્રી :** તે દેખાયા કરે તેમાં શું ? આપણે (શું બને છે એ) જોયા કરવાનું, (અને જુદું રાખી) પ્રતિક્રમણ કરીને ઉખેડી નાખવાનું બસ !

**પ્રશ્નકર્તા :** એના તરફ આકર્ષણ થાય ને, એ ગમે નહીં. એટલે એનું પ્રતિક્રમણ કરે પણ તોય એ વધારે ને વધારે દેખાયા કરે.

**દાદાશ્રી :** એ દેખાય એટલે પ્રતિક્રમણ થાય અને પ્રતિક્રમણ થાય એટલે પછી છે તે ધીમે ધીમે ઓછું થતું જાય. ગાંઠ મોટી હોય તો એકદમ ઓછું ના થાય.

**પ્રશ્નકર્તા :** આપણને એનું મોઢું દેખાય ને આપણને એના માટે આડા વિચાર આવે તો એ ખરાબ ના કહેવાય ?

**દાદાશ્રી :** આપણે સ્ટ્રોંગ (દૃઢ) છીએ પછી આડા વિચાર આવે તેને જુઓ કે આને માટે ખરાબ વિચાર હજુ આવે છે. આપણે સ્ટ્રોંગ છીએ તો કોઈ નામ ના લે. આ તો માલ ભર્યો છે તે આવે છે, નહીં તો ના ભર્યો હોય તો બીજા કોઈ છોકરાનો (વિચાર) ના આવે. આ આટલા બધા છોકરાઓ છે, કંઈ બધાને માટે આવે છે ? જે માલ ભર્યો છે, તે આવે છે. તું ઓળખું કે નહીં, આ ભરેલો માલ ? અમુક જોયા હોય ને તેની પર દૃષ્ટિ પડી હોય તો જ આવે.

અમે તો બધાને કહીએ કે પૈણો. પછી તમે ના પૈણો તે તમારી વાત. ના પૈણીને પછી ચારિત્ર બગડે તેના કરતાં પૈણવું સારું. લોકનિંદ્ય થાય એ બધું નકામું. એના કરતાં મેરેજ (લગ્ન) કરેલા સારા, નહીં તો પછી હરૈયા ઢોર જેવું કહેવાય.

**પ્રશ્નકર્તા :** લોકનિંદ્ય થાય એ તો બહારની વાત રહી, પણ પોતાનું બગડે ને ?

**દાદાશ્રી :** એટલે પોતાનું તો બગડે જ, પણ પાછું લોકનિંદ્ય થાય ત્યાં સુધીનું બગાડે. એ કંઈ થોડું ઘણું બગાડે નહીં. લપસ્યો એટલે પછી વાર જ ના લાગે ને ! જો બ્રહ્મચર્ય સચવાય તો ભગવાન થવાનો કીમિયો છે એમાં ! જ્ઞાની બધી કળા દેખાડે, બધા રસ્તા દેખાડે, પણ એ પોતે સ્ટ્રોંગ રહેવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** પોતે સ્ટ્રોંગ (મજબૂત) રહે, પણ પછી આગળ વાંધો ના આવે ?

**દાદાશ્રી :** ના, કશું ના થાય. જ્ઞાની પુરુષની કૃપા જોડે રહે ને ! પોતે સ્ટ્રોંગ રહ્યો તો જ્ઞાની પુરુષની કૃપા રહ્યા કરે, વચનબળ રહ્યા કરે, એટલે બધું કામ થયા કરે. પોતે કાચો પડ્યો એટલે બધું

બગડી જાય. 'શું થશે, હવે શું થશે' એવું થયું તો બગડ્યું. 'કશું જ થાય નહીં' કહ્યું કે બધું જતું રહે. શંકા પડી એટલે લપસ્યો.

અમારી વિધિ તો તમને બહારથી નુકસાન ના થવા દે. પણ જેને જાતે જ બગાડવું હોય તેને શું થાય ? એટલે નિશ્ચય કરી નાખું તો રાગે ચાલે બધું.

**પ્રશ્નકર્તા :** નિશ્ચય એ તો બરોબર છે. પણ આજ્ઞા છે, જ્ઞાન છે પણ પુરુષાર્થમાં ક્યાં કચાશ આવે છે ?

**દાદાશ્રી :** એ તો બધું કરી આપીએ અમે. એ બધો સાંધો અમે મેળવી આપીએ. તારી ઈચ્છા હોય તો અમે બધો સાંધો મેળવી આપીએ. આ છોકરાઓને સાંધો મેળવી આપ્યો, તે જરાય વિચાર ના આવે. એવું કરી આપીએ અમે. પણ તારું નક્કી થઈ જાય પછી અમને કહેવું.

## બે પાંદડે ઉખેડવું આકર્ષણ

**પ્રશ્નકર્તા :** આ જે બે પાંદડીએ ચૂંટવાનું વિજ્ઞાન છે, કે વિષયની ગાંઠ ફૂટે ત્યારે બે પાંદડે ઉખેડી નાખવું, તો જીતી જવાય ને ?

**દાદાશ્રી :** હા, પણ વિષય એવી વસ્તુ છે કે જો એમાં એકાગ્રતા થાય તો આત્મા ભૂલે. એટલે આ ગાંઠ આમ નુકસાનકારક છે, તે એટલા જ માટે કે એ ગાંઠ ફૂટે ત્યારે એકાગ્રતા થઈ જાય છે. એકાગ્રતા થાય એટલે વિષય કહેવાય. એકાગ્રતા થયા વગર વિષય કહેવાય જ નહીં ને ! એ ગાંઠ ફૂટે ત્યારે એટલી બધી જાગૃતિ રહેવી જોઈએ કે વિચાર ઊભો થતાંની સાથે ઉખેડીને ફેંકી દે, તો એને ત્યાં એકાગ્રતા ના થાય. જો એકાગ્રતા નથી તો ત્યાં વિષય જ નથી, તો એ ગાંઠ કહેવાય અને એ ગાંઠ ઓગળશે ત્યારે કામ થશે.

**પ્રશ્નકર્તા :** એટલે એ ગાંઠ ઓગળી જાય તો પછી પેલો આકર્ષણનો વ્યવહાર જ નથી રહેતો ને ?

**દાદાશ્રી :** એ વ્યવહાર જ બંધ થઈ જાય. ટાંકણી અને લોહચુંબકનો સંબંધ જ બંધ થઈ જાય. એ સંબંધ જ ના રહે. એ ગાંઠને લીધે આ વ્યવહાર ચાલુ છે ને આ ગાંઠો એ તો આવરણ છે ! એ ગાંઠો છે ત્યાં સુધી આત્માનો સ્વાદ ના આવવા દે.

## આકર્ષણનો પ્રવાહ, ત્યાં જુઓ શુદ્ધાત્મા

જ્યાં આગળ આપણને ખેંચાણ ના કરવું હોય છતાંય ખેંચાણ થયા કરે તો એ પહેલાંની, ગયા અવતારની ભૂલ છે એ નક્કી થઈ ગયું. નવેસરથી ખેંચાણ થાય એ વસ્તુ આપણને સમજાય કે જો આપણે ના જોવું હોય તો ના જોઈ શકાય, એવું રહેવું જોઈએ. પણ આ તો જૂનું છે, એટલે ત્યાં તો આપણે ના જોવું હોય તોય ખેંચાઈ જવાય.

**પ્રશ્નકર્તા :** આ (ખેંચાણની સામે) પુરુષાર્થ કરવાનો રહ્યો. જાગૃતિ રાખવી એ પુરુષાર્થ ?

**દાદાશ્રી :** હા, જાગૃતિ રાખવી. તું રાખે છે એટલી બધી જાગૃતિ ?

**પ્રશ્નકર્તા :** ત્યાં જ પુરુષાર્થ છે આખો.

**દાદાશ્રી :** એમ ! તને સમજણ પડે કે આ ગયા અવતારની ભૂલ છે એવું ? શું ખબર પડે ? તારે એવું અનુભવમાં આવેલું ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે પોતાની જાગૃતિ હોય કે આ દોષ થયો. હવે તેને ધોઈને પોતે તૈયાર હોય, પોતે એનાથી છૂટો થયો, પણ પાછું સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થાય, નિમિત્ત ભેગું થાય એટલે પાછી વિષયની ગાંઠ ફૂટે જ.

**દાદાશ્રી :** એટલે આ ઈન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ એવો છે કે સામું બહુ આકર્ષણવાળું હોય અને રાગી સ્વભાવનું હોય તો, તે આપણી આંખોમાં ધૂળ નાખે. તે ઘડીએ બહુ જાગૃત રહેવું પડે. આપણે જાણીએ કે આ નથી જોવું તોય ખેંચાણ કેમ થાય

છે ? ત્યાં આગળ આપણે શું કરવું જોઈએ કે શુદ્ધાત્મા જ જો જો કરવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** તે વખતે પાછું પ્રત્યાખ્યાન કરવું જોઈએ ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણેય કરવાનું ને પ્રત્યાખ્યાનેય કરવાનું, બેઉ કરવાનું. પ્રતિક્રમણ શેને માટે કરવાનું કે પૂર્વભવે કંઈક જોયું છે, તેથી જ આ ઉત્પન્ન થયું છે. આ સંજોગ ક્યાંથી બાઝયો ? નહીં તો દરેકને કોઈ જોતું નથી. આ તો જોવાનું મળ્યું તે મળ્યું, પણ એમાંથી આકર્ષણના પ્રવાહ કેમ વહે છે ? માટે પૂર્વભવનો હિસાબ છે. તે આ ભવમાં પ્રતિક્રમણ કરવા પડે. વિષય વિકારી જે જે ભાવો કર્યા હોય, ઈચ્છા, ચેષ્ટા, સંકલ્પ-વિકલ્પ કર્યા હોય, એ બધાનું પ્રતિક્રમણ કરવું પડે અને પછી પ્રત્યાખ્યાન કરવું પડે અને પાછાં એમનો શુદ્ધાત્મા જ જો જો કરવો પડે.

## આકર્ષણ બંધ ત્યાં વીતરાગતા પ્રગટ

અત્યારે આ જ્ઞાન પછી રાગ-દ્વેષ થતાં દેખાય છે ને એ આકર્ષણ ને વિકર્ષણ છે, એ પુદ્‌ગલનો ગુણ છે, પણ 'મને આમ થાય છે' એમ કહ્યું કે એ રાગ. અને રાગ-દ્વેષ તે પાછો પોતાનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ રાગ-દ્વેષવાળો છે જ નહીં. આત્મા સ્વભાવે વીતરાગ છે. આ તો પુદ્‌ગલનો સ્વભાવ છે રાગ-દ્વેષ. એટલે આકર્ષણ ને વિકર્ષણ એ પુદ્‌ગલનો સ્વભાવ છે. એ પુદ્‌ગલના સ્વભાવને પોતાનો સ્વભાવ માની અને પોતે એમ કહે છે કે 'મને રાગ-દ્વેષ થાય છે.' એ રોંગ બિલિફ છે.

તમે પોતે શુદ્ધાત્મા છો. આ બીજું બધું જે રહે છે ને, તે જ્ઞેયને અને દૃશ્યને તમે આગળ લાવો એ લેવા-દેવા નથી. જ્ઞેય તો આવુંય હોય ને તેવુંય હોય. જ્ઞેય તો, મહીં મનમાં શું કહે કે 'આપઘાત કરવો પડશે.' પણ તે કોને ? એને ને ! આપણે શું ? આપણે તો જાણનાર છીએ. એટલે આ પદ જુદી જાતનું છે, વીતરાગ પદ છે !

**પ્રશ્નકર્તા :** પહેલાં તો જ્ઞાતા-દ્રષ્ટા ના રહેવાય ને કહે, 'ના, આ મને અનુકૂળ નથી આવતું.'

**દાદાશ્રી :** હા, એવું થાય. અને હવે તો ખરેખરું રહેવાય જ જ્ઞાતા-દ્રષ્ટામાં ! પેલું તો રહેવાય નહીં. પેલામાં તો જરાક કંઈક મહીં ખેંચાણ રહે, આકર્ષણ રહે. આ આકર્ષણ વગરનું કેવું સારું ! જ્યાં આકર્ષણ બંધ થયું કે વીતરાગતા ઉત્પન્ન થાય. તે અહીં તમારું આકર્ષણ બંધ થયું. હવે વીતરાગતા ઉત્પન્ન થાય.

અમારેય માલ પહેલા ભરેલો તો ખરો, પણ આકર્ષણ ના હોય અમારે. જરાય આકર્ષણ નહીં, એટલે ત્યાં પછી વીતરાગતા રહે અમને. માલ ભરેલો એટલે અત્યારે ખેંચાય એ રાગ ના કહેવાય. રાગનો કરનાર જોઈએ, રાગનો કર્તા જોઈએ અને કર્તા વગર રાગ થાય નહીં. તું કર્તા છું ?

**પ્રશ્નકર્તા :** કોઈ વાર તન્મય થઈ જવાય છે. એટલે કર્તા થઈ જવાય છે.

**દાદાશ્રી :** એ તો રુચિ હોય ત્યાં તન્મય થઈ જાય. આ લોકો પૈસા ગણે ત્યાં આગળ તન્મય થાય કે ના થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** થઈ જાય.

**દાદાશ્રી :** હં બસ, તેનો એ કંઈ ગુનો નથી. તેથી આત્મા એમ નથી કહેતો કે તમે કેમ તન્મય થઈ ગયા ? આત્મા આત્મા જ છે. અને ધીમે ધીમે એ (તન્મય) દશા ઓછી થતી જાય છે. કેવળજ્ઞાન તરફ આ જતું જાય છે. નિરંતર જ્ઞાન રહે એ કેવળજ્ઞાન કહેવાય. આ તો હજુ ફાઈલના નિકાલ કરવા પડે છે ને ?

## હવે રહ્યું તે પૌદ્‌ગલિક આકર્ષણ

આ તો 'બિલીફ' જ 'રોંગ' હતી. બાકી આત્મા રાગીયે ન હતો ને દ્વેષીયે ન હતો. રાગ-

દ્વેષ આત્મામાં છે જ નહીં. આત્મામાં એ ગુણ જ નથી. આ બધા આરોપિત ભાવો છે. આરોપિત ભાવો કેવા છે ? વ્યવહારના છે. એટલે તમારી 'બિલીફ' એકલી જ રોંગ છે કે આ મને રાગ થાય છે ને મને દ્વેષ થાય છે. એ 'રોંગ બિલીફ' ઉખાડી આપે, તે 'જ્ઞાની.' એ 'બિલીફ' ઉખડે એવી નથી. તમારી એ 'રોંગ બિલીફ' અમે ઉખાડી આપી છે.

**પ્રશ્નકર્તા :** એ જરા વિસ્તારથી સમજાવો ને કે 'બિલીફ રોંગ' છે અને 'જ્ઞાની પુરુષ' બિલીફને ઉખાડી દે છે.

**દાદાશ્રી :** અમે શું કહીએ છીએ કે આત્મા અગુરુ-લઘુ સ્વભાવનો છે અને રાગ-દ્વેષ ગુરુ-લઘુ સ્વભાવના છે. માટે એ બન્નેને સાઢુંય ન હતું ને સહિયારુંય ન હતું. આ તો આરોપિત ભાવ છે કે આત્માને રાગ થાય છે ને દ્વેષ થાય છે, એ વ્યવહારના ભાવો છે. લોકો એમ કહે છે કે મને આમની જોડે રાગ છે. હવે ખરેખર તમારે પૌદ્‌ગલિક આકર્ષણ હોય ! કારણ કે તમને મેં જ્ઞાન આપ્યું એટલે તમારે આત્મા છૂટો થઈ ગયો છે, ત્યારે હવે શું રહ્યું ? પૌદ્‌ગલિક આકર્ષણ રહ્યું. પુદ્‌ગલમાં આકર્ષણ નામનો ગુણ છે અને વિકર્ષણ નામનો ગુણ છે. હવે આપણા લોક એ આકર્ષણને 'રાગ' કહે છે ને વિકર્ષણને 'દ્વેષ' કહે છે.

આ તો પરમાણુઓનું સાયન્સ (વિજ્ઞાન) છે. તેમાં આત્માને કશી જ લેવાદેવા નથી. પણ લોક તો ભ્રાંતિથી પરમાણુના ખેંચાણને માને છે કે 'હું ખેંચાયો.' આત્મા ખેંચાય જ નહીં.

## ઈલેક્ટ્રિસિટીની લોહચુંબકતાથી 'હું' જુદો

**પ્રશ્નકર્તા :** આ બધું ચેતનમાં ક્યાંથી પેસી ગયું ? એમ કેમ ચાલુ થઈ ગયું ?

**દાદાશ્રી :** એને એવું ભાન થયું કે 'આ હું ખેંચાઉ છું.' અને જો સમજણ હોય કે આ પૂતળું પેલા પૂતળા પાસે, એ બેમાં ઈલેક્ટ્રિસિટીને લઈને બેઉ ખેંચાય છે. તેને 'હું જાણનાર છું' એવું ભાન રહ્યું નહીં એને. ઈલેક્ટ્રિકલ એડજસ્ટમેન્ટને લઈને લોહચુંબકતા ઉત્પન્ન થાય છે. એટલે મારે નથી ખેંચાવું છતાં ખેંચાય છે. એટલે સમજાય એવું છે કે આ પોતે નથી ખેંચાતો. નક્કી કર્યું હોય કે 'પથારીમાંથી આઘાપાછા થવું નથી.' તે પાછો અડધા કલાક પછી ઊઠે ! એટલે મનમાં એમ થાય કે 'હું જ છું ઢીલો.' 'નક્કી કર્યું હતું ને, તો તું ઢીલો શાનો થઈ ગયો ? આ તો મહીં બીજું ભૂત પેઠું છે.' એટલે પછી મને લોકોએ પૂછયું, 'આ શું થાય છે ?' મેં કહ્યું, 'આ તો ઈલેક્ટ્રિકલ એડજસ્ટમેન્ટને લઈને લોહચુંબકતા થાય છે.

આ વિજ્ઞાન તો જાણ કે 'કોણ ખેંચે છે ?' તારે નથી ખેંચાવું, તો કોણ તને ખેંચી ગયો ? બીજો કોણ માલિક છે, તે વચ્ચે ખેંચી ગયો ? ત્યારે કહે છે, 'હું ખેંચાઈ ગયો, મારું મન બગડી ગયું. મન નિર્બળ થઈ ગયું.' અલ્યા, તારું મન તને શાનું ખેંચે ? મન ને તારે લેવાદેવા શું છે ? એ મિકેનિકલ એડજસ્ટમેન્ટ જુદું, તું જુદો.

## સાયન્ટિફિક રીતથી છૂટે આકર્ષણ

આ તો ઈલેક્ટ્રિસિટીને લીધે પરમાણુ બધા પાવરવાળા થાય છે અને તેથી પરમાણુ ખેંચાય છે. જેમ ટાંકણી અને લોહચુંબકમાં કશું કોઈ વચ્ચે પેઠું મહીં ? ટાંકણીને આપણે શીખવાડ્યું'તું ? તું ઊંચી-નીચી થજે ?

**પ્રશ્નકર્તા :** એને ઈલેક્ટ્રિસિટી અડે નહીં એવું ના થાય ? એને કંટ્રોલ ના કરાય ?

**દાદાશ્રી :** આપણાથી કંટ્રોલ થાય નહીં. હંમેશાં ઈલેક્ટ્રિકલ વસ્તુને કંટ્રોલ કરી શકાય નહીં. કંટ્રોલ તો, એને એડજસ્ટમેન્ટ કરતાં પહેલા

કંટ્રોલ કરી શકાય. પછી એડજસ્ટમેન્ટ નક્કી થયા પછી ના થાય.

એટલે આ દેહ તો આખું વિજ્ઞાન છે. વિજ્ઞાનથી આ બધું ચાલે છે. હવે ખેંચાણ થાય તેને લોક કહે કે 'મને રાગ થયો.' અલ્યા, આત્માને રાગ તો થતો હશે ? આત્મા તો વીતરાગ છે ! આત્માને રાગેય હોય નહીં ને દ્વેષેય હોય નહીં. આ તો બેઉ પોતે કલ્પેલા છે. એને ભ્રાંતિ કહેવાય. ભ્રાંતિ ચાલી જાય તો કશું છે જ નહીં.

પાછું આ એક પ્રકારનું આકર્ષણ નથી. છોકરા પર પણ આકર્ષણ હોય છે. એટલે આ એક પ્રકારની ઈલેક્ટ્રિસિટીથી આ બધા પરમાણુ લોહચુંબકની જેમ થઈ ગયા હોય છે. તે જો સામાના મળતા પરમાણુ આવે તો ત્યાં ખેંચાણ થાય, બીજે ખેંચાણ થાય નહીં. લોહચુંબકનો તો આપણને અનુભવ છે ને ? તેમાં કોણ કોને રાગ કરે છે ? અને અહીં તો તમે રાગ કરતા નથી ને કોઈને ? પેલું લોહચુંબક જેવું સ્વાભાવિક છે, તેવું આય સ્વાભાવિક છે. પણ આમાં શું કહે કે 'મેં કર્યું', 'હું કરું છું' કહ્યું કે વળગ્યું પાછું ! નહીં તો કહે, 'મારાથી આવું થઈ ગયું !' 'અલ્યા, શું કરવા ફસાય છે !' આકર્ષણ થાય તેને પાછું 'આ મારું, આટલું મારું' કર્યા કરે. અલ્યા, ન હોય તારું. જ્ઞાની પુરુષ પોતે છૂટેલા હોય, એ બધાને છોડાવી દે. એમની સાયન્ટિફિક રીતથી એ રસ્તો બતાવે કે આમ છૂટાય, નહીં તો બીજો છૂટવાનો રસ્તો નથી. એટલે મોક્ષમાર્ગ સમજવાનો છે, ખાલી સમજ સમજ કરવાનો છે !

## તત્વ દ્રષ્ટિ - અવસ્થા દ્રષ્ટિ

આ જ્ઞાન પછી તમને તત્ત્વ દૃષ્ટિ થઈ એટલે તત્ત્વ જોતા શીખ્યા અને અવસ્થાને જોઈ શકો છો પણ અવસ્થા એ આપણું સ્વરૂપ નથી. જ્ઞાન મળ્યા પછી કદાચ ક્યાંય જ્ઞેયમાં જ્ઞાન ચોંટે તોય તે તત્ત્વદૃષ્ટિથી એમ લાગે કે આ તો ચંદુભાઈનું છે, મારું ન્હોય. તત્ત્વ અનંત અવસ્થાવાળું હોય, અવસ્થાઓના એળિયા (હેરિયાં) પડે. જેમ સૂર્યનારાયણ વાદળ પાછળ હોય છતાંય તેની અવસ્થાના એળિયા પડે તેમ. કોઈને પણ અવસ્થા દૃષ્ટિથી જોઈએ છીએ તેથી તો તેનો આપણા ઉપર પ્રભાવ પડે. અવસ્થા દૃષ્ટિથી જ આકર્ષણ-વિકર્ષણ છે, તત્ત્વદૃષ્ટિથી નહીં. અવસ્થામાં 'હું છું' એમ માને, (તન્મયાકાર થાય) કે તુર્ત જ અંદર લોહચુંબકપણું ઉત્પન્ન થાય અને આકર્ષણ શરૂ થાય. તત્ત્વદૃષ્ટિ એટલે સંપૂર્ણ દૃષ્ટિ. નિશ્ચય દૃષ્ટિ એટલે તત્ત્વ અને વ્યવહાર એટલે અવસ્થા.

આ બધી અવસ્થા દૃષ્ટિથી જોવાથી જ તેની અસરો થાય છે. અવસ્થા દૃષ્ટિથી જોશો તો આકર્ષણ-વિકર્ષણ થશે અને તત્ત્વદૃષ્ટિથી જોશો તો મોક્ષ થશે. કોઈકને તત્ત્વદૃષ્ટિથી જોશો તો તમને લાભ થાય ને અવસ્થા દૃષ્ટિથી જોશો તો તેમાં જ તમે ખોવાઈ જશો. આંખોથી (ચર્મચક્ષુથી) જોઈ જોઈને તો આખું જગત ભૂલ્યું છે. તત્ત્વદૃષ્ટિથી સામામાં આત્મા દેખાય.

## તન્મયાકાર ના થાય એવું વિજ્ઞાન

**પ્રશ્નકર્તા :** આમ દૃષ્ટિ પડી કે અંદર ઊભું થાય. પછી દૃષ્ટિ ના ગઈ તો કશુંય નહીં. પણ એક વખત આમ જોવાય તો અંદર પેલા ચંચળ પરિણામ ઊભા થાય.

**દાદાશ્રી :** દૃષ્ટિ એ વસ્તુ 'આપણા'થી જુદી છે. તો પછી દૃષ્ટિ પડે, તેમાં આપણને શું થયું ? પણ આપણે મહીં ચોંટવા ફરીએ, ત્યારે દૃષ્ટિ શું કરે બિચારી ? આ હોળીને જો પૂજવા જઈએ છીએ, તો ત્યાં આપણી આંખ દાઝે ખરી ? એટલે હોળીને જોવાથી કંઈ આંખ દાઝતી નથી. કારણ કે આપણે ખાલી એને જોઈએ જ છીએ. એવી રીતે આ જગતમાં કોઈ જગ્યાએ આકર્ષણ થાય

એવું જ નથી, પણ પોતાની મહીં જ જો વાંકું છે તો આકર્ષણ થાય !

**પ્રશ્નકર્તા :** બે જાતની દૃષ્ટિ છે; એમાં એક દૃષ્ટિ એવી છે કે આપણે જોઈએ કે ચામડીની નીચે લોહી-માંસ-હાડકાં છે, એમાં આકર્ષણ શું ? અને બીજી દૃષ્ટિ એ કે એનામાં શુદ્ધાત્મા છે અને મારામાં શુદ્ધાત્મા છે. એ બેમાં કઈ દૃષ્ટિ ઊંચી ગણાય ?

**દાદાશ્રી :** એ તો બેઉ દૃષ્ટિ રાખવી પડે. એ શુદ્ધાત્મા છે, એ દૃષ્ટિ તો આપણને છે જ. અને પેલી બીજી દૃષ્ટિ તો જરા જો આકર્ષણ થાય તો જેમ છે એમ રાખવી જોઈએ, નહીં તો મોહ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે. હું પણ શુદ્ધાત્મા ને એ પણ શુદ્ધાત્મા એવું હોય, તો બીજું જે આકર્ષણ છે તે રહેતું નથી.

**દાદાશ્રી :** ના રહે, પણ એટલી બધી જાગૃતિ ના રહે. જ્યારે આકર્ષણ થાય ત્યારે શુદ્ધાત્મા ભૂલી જાય. શુદ્ધાત્મા ભૂલે તો જ એને આકર્ષણ થાય, નહીં તો આકર્ષણ થાય નહીં. તેથી તો અમે તમને એવું જ્ઞાન આપ્યું છે કે તમને આત્મા દેખાય.

આપણે આકર્ષણ ના કરવું હોય તોય આંખ ખેંચાઈ જાય. આપણે આમ આંખ દબાવ દબાવ કરીએ તોય પેલી બાજુ જતી રહે !

**પ્રશ્નકર્તા :** એવું શા માટે થાય ? એ જૂના પરમાણુ છે એટલે ?

**દાદાશ્રી :** ના, પૂર્વે આપણે ચૂક ખાધી છે, પૂર્વે તન્મયાકાર થવા દીધું છે, તેનું આ ફળ આવ્યું છે. તો હવે એ આકર્ષણમાં ફરી તન્મયાકાર ના થાય ને એનું પ્રતિક્રમણ કરી પેલી ચૂક કાઢી નાખવાની. અને ફરી તન્મયાકાર થાય એટલે નવી ચૂક ખાધી, તો એનું ફળ આવતે ભવ આવશે. એટલે તન્મયાકાર ના થાય એવું આ વિજ્ઞાન છે આપણું !

## તન્મયાકાર ના થયો એ આકર્ષણથી જીત્યો

**પ્રશ્નકર્તા :** લોહચુંબક અને ટાંકણી બન્ને સામસામા આવે છે, ત્યારે આકર્ષણ થાય છે. હવે એ આકર્ષણ નાબૂદ ક્યારે થઈ જાય ?

**દાદાશ્રી :** એ તો કાયમ રહેવાનું જ. જ્યાં સુધી લોખંડ લોખંડના ભાવમાં છે ત્યાં સુધી રહેવાનું. લોહચુંબકત્વ ઊતરી જાય તો આકર્ષણ જતું રહે. જ્યાં આકર્ષણ થયું, તે આકર્ષણમાં તન્મયાકાર થયો, તે ચોંટ્યો. આકર્ષણ થયું, પણ આકર્ષણમાં તન્મયાકાર ના થાય તો ચોંટે નહીં. પછી આકર્ષણ થાય તેનો વાંધો નહીં. આકર્ષણ થયું તેનો વાંધો નહીં, પણ તન્મયાકાર ના થયો એ જીત્યો.

**પ્રશ્નકર્તા :** એ વસ્તુ પોતાને સમજાય કેવી રીતે કે આમાં પોતે તન્મયાકાર થયો છે ?

**દાદાશ્રી :** 'આપણો' એમાં વિરોધ હોય. 'આપણો' વિરોધ એ જ તન્મયાકાર ન થવાની વૃત્તિ. 'આપણે' વિષયના સંગમાં ચોંટવું નથી, એટલે 'આપણો' વિરોધ તો હોય જ ને ? વિરોધ હોય એ જ છૂટું અને ભૂલેચૂકે ચોંટી જાય, ગોથું ખવડાવીને ચોંટી જાય, તો પાછું તેનું પ્રતિક્રમણ કરવું પડે.

**પ્રશ્નકર્તા :** પોતાનો વિરોધ નિશ્ચયે કરીને તો છે જ, છતાં પણ એવું બને છે કે ઉદય એવા આવે કે એમાં તન્મયાકાર થઈ જવાય, એ શું છે ?

**દાદાશ્રી :** વિરોધ હોય તો તન્મયાકાર થવાય નહીં અને તન્મયાકાર થયા તો 'ગોથું ખાઈ ગયા છે' એમ કહેવાય. તો એવું ગોથું ખાય, તેના માટે પ્રતિક્રમણ છે જ. પણ ગોથું ખાવાની ટેવ ના પાડવી, ગોથું ખાવાના 'હેબીચ્યુએટેડ' (આદતી) ના થવું. માણસ જાણી-જોઈને લપસી પડે ખરો ?

અહીં ચીકણી માટી હોય, કાદવ હોય ત્યાં લોકોને જાણી-જોઈને લપસવાની ટેવ હોય કે ના હોય ? લોક શાથી લપસી જતાં હશે ?

**પ્રશ્નકર્તા :** એ માટીનો સ્વભાવ ને માટી ઉપર પોતે ચાલ્યો, તેથી.

**દાદાશ્રી :** માટીનો સ્વભાવ તો એ પોતે જાણે છે. એટલે પછી પગના આંગળા દબાવી દે, બીજા બધા પ્રયત્નો કરે. બધી જાતના પ્રયત્નો કરવા છતાંય પડી જાય, લપસી પડે, તો એના માટે ભગવાન એને રજા આપે છે. તે પછી એવી ટેવ પાડી દે, તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** ટેવ નહીં પડવી જોઈએ.

**દાદાશ્રી :** લપસી પડાયું એ તો આપણા હાથમાં, કાબૂમાં ના રહ્યું. તેથી સૌથી સારામાં સારું તો 'આપણો' વિરોધ, જબરજસ્ત વિરોધ ! પછી જે થાય એના જોખમદાર 'આપણે' નથી. તું ચોરી કરવાનો તદ્દન વિરોધી હોઉં, પછી તારાથી ચોરી થઈ જાય તો તું ગુનેગાર નથી. કારણ કે તું વિરોધી છે.

**પ્રશ્નકર્તા :** આપણે વિરોધી છીએ જ, છતાં પણ એ જે ચૂકાય છે, એ વસ્તુ શું છે ?

**દાદાશ્રી :** પછી ચૂકાય છે, તેનો સવાલ નથી. એ ચૂક્યાનો વાંધો ભગવાનને ત્યાં નથી. ભગવાન તો ચૂક્યાની નોંધ નથી કરતા. કારણ કે ચૂક્યાનું ફળ તો એને તરત જ મળી જાય છે. એને દુઃખ તો થાય છે ને ? નહીં તો એ શોખની ખાતર કરતો હોય તો, એને આનંદ થાય.

**પ્રશ્નકર્તા :** આ વિષયની બાબતમાં પોતાનું ડહાપણ કેટલું ચાલે ?

**દાદાશ્રી :** જ્ઞાન મળ્યું હોય તો બધુંય ડહાપણ ચાલે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન મળ્યું હોય તોય કેટલેક અંશે પ્રકૃતિ ભાગ તો ભજવે ને ?

**દાદાશ્રી :** ના, જ્ઞાનથી પ્રકૃતિ નિર્મળ થાય. વિષયમાં પોતાનું સહમતપણું ના હોય તો નિર્મળ થાય.

**પ્રશ્નકર્તા :** વિષયમાં સહમતપણું નથી હોતું તોય ખેંચાય છે.

**દાદાશ્રી :** એ ખેંચાય. એ ખેંચાય તેય બધું જાણવું જોઈએ. અને સ્ટ્રોંગ નિશ્ચય કોઈ દહાડો કર્યો નથી.

**પ્રશ્નકર્તા :** કાયમ ચૂકાય નહીં એવું જોઈએ.

**દાદાશ્રી :** આપણો તો નિશ્ચય હોવો જોઈએ કે આમ આ અમારો નિશ્ચય છે. પછી કુદરત કરે, તે આપણા હાથના ખેલ નથી. એ સાયન્ટિફિક સરકમસ્ટેન્સિયલ એવિડન્સ છે, એમાં કોઈનુંય ના ચાલે.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ તો એ થયો કે એવા સંજોગો જ મારે ના ઊભા થાય. પણ એ કેમ બને ?

**દાદાશ્રી :** એવું બને જ નહીં ને ! જગત છે, સંસાર છે, ત્યાં સુધી એવું બની ના શકે. એવું બને ક્યારે ? તમે જેમ જેમ આગળ જતા જશો એમ એવા સંજોગો ઓછા થતા જશે, તેમ તેમ એ જગ્યાએ ભૂમિકા એની મેળે જ આવશે. જ્ઞાનીની ભૂમિકા એવી હોય ને સેફસાઈડ હોય ! એમના સંજોગો બધા પાંસરા હોય.

**પ્રશ્નકર્તા :** એમનું વ્યવસ્થિત એવી રીતે ઘડાયું હોય ?

**દાદાશ્રી :** હા, એવું ઘડાયું હોય. પણ તે એકદમ આમ ના બની શકે. તમારા તો હજી ઘણા માઈલો જશે, ત્યારે એ રોડ આવશે.

**- જય સચ્ચિદાનંદ**

## અણહક્કના દોષોની ગુનેગારી

જો તું સંસારી હોઉં તો તારા હક્કનો વિષય ભોગવજે, પણ અણહક્કનો વિષય તો ના જ ભોગવીશ. કારણ કે આનું ફળ ભયંકર છે અને તું ત્યાગી હોઉં તો તારી વિષય તરફ દૃષ્ટિ જ ના જવી જોઈએ ! અણહક્કનું લઈ લેવું, અણહક્કની ઈચ્છા કરવી, અણહક્કના વિષય ભોગવવાની ભાવના કરવી, એ બધી પાશવતા કહેવાય. હક્ક અને અણહક્ક, એ બે વચ્ચે લાઈન ઓફ ડીમાર્કેશન તો હોવી જોઈએ ને ? અને એ ડીમાર્કેશન લાઈનની બહાર નીકળાય જ નહીં ! તોય પણ લોક ડીમાર્કેશન લાઈનની બહાર નીકળ્યા છે ને ?! એને જ પાશવતા કહેવાય. હક્કનું ભોગવવાનો વાંધો નથી.

આપણા પોતાના હક્કની ચીજ તો દરેક માણસ સમજે. આ મારું ને આ પારકું, એ તરત બધાં સમજી જાય. મારી પથારી કઈ, મારું ઓશીકું કયું, એ બધું નાનું છોકરુંય સમજી જાય. મારી જમવાની થાળી આવે તો, હું મારી મેળે મહીં જે મૂક્યું હોય તે બધું ખાઉં, તે હક્કનું કહેવાય. તો કોઈ બૂમ ના પાડે, કોઈ વાંધો ના કરે, કોઈ દાવો ના કરે. આપણામાં લગ્ન કરાવે છે, તે લગ્ન કરાવે એટલે આ તમારા બેઉનું હક્કનું છે. એનો ભગવાનને વાંધો નથી, પણ અણહક્કનું હશે તો વાંધો છે. કારણ કે અણહક્કનું એટલે બીજાના હક્કનું એણે લૂંટી લીધું. ચોર તો સારા કે લક્ષ્મી જ લૂંટી જાય, પણ આ તો બીજી જ વસ્તુઓ લૂંટી જાય. પછી કહેશે, 'મારે મોક્ષે જવું છે.' અલ્યા, મોક્ષે જવાનો આ માર્ગ જ ન હોય. આ ઊંધો જ રસ્તો લીધેલો છે. અણહક્કનું ભોગવી લે છે કે નથી ભોગવતા ? ભોગવે છે અને પાછા ચોરીછૂપીથી નહીં, રોફથી ભોગવે છે.

તેથી જ આ દુઃખ છે ને ! તેથી જ આ સંસાર ઊભો રહ્યો છે. સંસારમાં સુખ જોઈતું હોય તો અણહક્કનું ભોગવશો નહીં. અણહક્કનું ભોગવે, એમાં 'હું સુખી છું' એમ મનથી માને એટલું જ છે. બાકી, એમાં 'સેફસાઈડ' નથી અને હું જે વાત કરું છું, એ તો કાયમને માટેની 'સેફસાઈડ' છે.

ઘેર હક્કની હોય તો પણ બહાર બીજે દૃષ્ટિ બગાડે છે પાછી ! હક્કનું ભોગવ ને ! બીજે અણહક્ક પર દૃષ્ટિ જ કેમ જાય ? પોતાને જે પરણેલી છે, તે સિવાય બીજે બધે આખી જિંદગી દૃષ્ટિ બગડવી જ ના જોઈએ ! હક્કનું છોડીને બીજી જગ્યાએ 'પ્રસંગ' થાય, તો એ સ્ત્રી જ્યાં જાય, ત્યાં આપણે અવતાર લેવો પડે. એ અધોગતિમાં જાય તો આપણે ત્યાં જવું પડે. આજકાલ બહાર તો બધે એવું જ થાય છે. 'ક્યાં અવતાર થશે ?' તેનું ઠેકાણું જ નથી. અણહક્કના વિષય જેણે ભોગવ્યા, તેને તો ભયંકર યાતનાઓ ભોગવવી પડે. તેની છોડી પણ એકાદ અવતારમાં ચારિત્રહીન થાય. નિયમ કેવો છે કે જેની જોડે અણહક્કના વિષય ભોગવ્યા હોય તે જ પછી મા થાય કે છોડી થાય. અણહક્કનું લીધું, ત્યારથી જ મનુષ્યપણું જાય. અણહક્કનો વિષય એ તો ભયંકર દોષ કહેવાય. આપણે કો'કનું ભોગવી લઈએ એટલે પોતાની છોડીઓ કો'ક ભોગવે, તેની ચિંતા જ નથી ને ! એનો અર્થ એ જ થયો ને ! અને એવું જ થાય છે ને ! પોતાની છોડીઓ લોકો ભોગવે જ છે ને ! એ તો 'ટોપમોસ્ટ' નાલાયકી કહેવાય. પોતાને ઘેર છોડીઓ હોય તો પણ બીજાની છોડીઓ જુએ છે ? શરમ નથી આવતી ? 'મારે ઘેર પણ છોડીઓ છે' એવું ભાન રહેવું જોઈએ કે ના રહેવું જોઈએ ? આપણે ચોરી કરીએ તો કોઈ બીજો ચોરી કર્યા વગર રહે જ નહીં ને ? જ્યાં અણહક્કના વિષય હોય, ત્યાં તે કોઈ રસ્તે સુખી ના થાય. પારકું આપણાથી લેવાય જ કેમ કરીને ?

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में)
- **'उड़ीसा प्लस'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में - केवल उड़ीसा राज्य में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)

**USA -Canada**
- **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8-30 से 9 EST (हिन्दी में)

**UK**
- **'वीनस'** टीवी पर हर रोज़ सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30am GMT)

**Australia**
- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

**Fiji-NZ-Sing.-SA-UAE**
- **Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા ગ્લોબલ'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

---

### વિશેષ નિવેદન

કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં પૂજ્યશ્રી દીપકભાઈના જાહેર સત્સંગ કાર્યક્રમો મહાત્માઓની હાજરીમાં સ્થગિત છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ યોજવામાં આવશે. મહામારીને ધ્યાનમાં રાખી ઓનલાઈન ઈન્ટરનેટ દ્વારા સત્સંગો તેમજ ઉત્સવોની ઉજવણી ચાલુ રહેશે.

---

### દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. 8155007500 પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા ૭ અંક તપાસો. દા.ત. DGFT555/<u>08-2028</u> એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-(3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૩મો જન્મજયંતી મહોત્સવ : તા. ૨૬ થી ૩૦ નવેમ્બર ૨૦૨૦



પુસ્તકો-સીડીનું વિમોચન

જાન્યુઆરી ૨૦૨૧
વર્ષ-૨૬, અંક-૫
સળંગ અંક-૩૦૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## દોષ કોનો, આંખનો કે અજ્ઞાનતાનો ?

કોઈ ભઈને દેખ્યો, આ બેનના મનમાં એવું થાય કે 'ઓહોહો! આ ભઈ કેટલો રૂપાળો છે, દેખાવડો છે !' એવું થયું કે તેની સાથે જ આવતાં ભવની ગાંઠ પડી ગઈ. એનાથી આવતાં ભવે ખેંચાણ થાય. શેનું રૂપ ? આ છોલે તો શું નીકળે ? રૂપ કોનું નામ કહેવાય કે છોલે તોય ખરાબ ના નીકળે. આ રૂપ તો જોવા જેવું નથી. આ સોનાનું, ચાંદીનું, હીરાનું રૂપ બરોબર છે. એને છોલીએ તો કશુંય ના થાય, એમાં ગંદવાડો નહીં ને! આ મનુષ્યના તો ગુણો હોય છે, પણ તે કેવા ગુણો હોય ? સંસારી ગુણો. એ સંસારી ગુણો વખાણવા જાય પછી આકર્ષણ થાય. એટલે આ ધાર્મિક ગુણો, જ્ઞાનના ગુણો વખાણે, તે વાત જુદી છે. બાકી વખાણવા જેવું જગત નથી. એક શુદ્ધાત્મા એકલો જ સમજવા જેવો છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-99, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.